
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી
# જૈન સત્ય પ્રકાશ



ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249

વર્ષ ૩ અંક ૫
ક્રમાંક ૨૯

તંત્રી: શાહ ચીમનલાલ ગોકળદાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन सत्य प्रकाश

( मासिक पत्र )

## वि-ष-य-द-र्श-न


| | | | |
|---|---|---|---|
| १ श्री सरस्वतीस्तोत्रम् | : | आ. म. श्री. विजयपद्मसूरिजी | १५७ |
| २ પ્રભુ શ્રી મહાવીરનું તત્ત્વજ્ઞાન | : | આ. મ. શ્રી. વિજયલબ્ધિસૂરિજી | ૧૫૮ |
| ૩ સમ્યગ્દર્શન | : | આ. મ. શ્રી. વિજયપદ્મસૂરિજી | ૧૬૦ |
| ४ समीक्षाभ्रमाविष्करण | : | आ. म. श्री. विजयलावण्यसूरिजी | १६४ |
| ૫ જૈનો અને સત્ત્વગુણ | : | શ્રી. શંકરલાલ ડાહ્યાભાઈ કાપડિયા | ૧૭૧ |
| ૬ ધનપાલનું આદર્શ જીવન | : | મુ. મ. શ્રી. સુશીલવિજયજી | ૧૭૩ |
| ૭ વીર વિક્રમસી | : | શ્રી ચીમનલાલ ચત્રભુજ એલાણી | ૧૭૭ |
| ૮ વર્ણ બત્રીશી | : | મુ. મ. શ્રી જ્ઞાનવિજયજી | ૧૭૯ |
| ९ दो रासोंका ऐतिहासिक सार | : | श्रीयुत अगरचंदजी नाहटा | १८४ |
| १० दिगंबर शास्त्र कैसे बने | : | मु. म. श्री दर्शनविजयजी | १८७ |
| ૧૧ વીર માતા | : | ૨. | ૧૯૦ |
| ११ मांडवगढ संबंधी शिलालेख | : | श्रीयुत नंदलालजी लोढा | १९५ |
| સમાચાર | | | ૧૯૬ સામે |


### લવાજમ

સ્થાનિક દોઢ રૂપિયો   બહારગામ બે રૂપિયા   છુટક અંક ત્રણ આના

### સ્વીકાર

**પંચ સંગ્રહ**-સટીક ભાગ બીજો-સંપાદક અને સંશોધક : પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરીજી મહારાજ, પ્રકાશકઃ શ્રી મુક્તાબાઈ જ્ઞાન મંદિરના મંત્રી શા. ખૂમચંદ પાનાચંદ ડભોઈ.

**કર્મપ્રકૃતિ**-બે ટીકા અને ચૂર્ણિયુક્ત-સંપાદક અને સંશોધક તેમજ પ્રકાશક ઉપર પ્રમાણે. મૂલ્યઃ આઠ રૂપિયા.

મુદ્રક : ચંદ્રશંકર ઉમાશંકર શુક્લ, પ્રકાશક : ચીમનલાલ ગોકળદાસ શાહ, મુદ્રણસ્થાન : યુગધર્મ મુદ્રણાલય સલાપોસ ક્રોસ રોડ અમદાવાદ, પ્રકાશનસ્થાન : શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

णमो त्थु णं भगवओ महावीरस्स
सिरि रायनयरमज्झे, संमीलिय सव्वसाहुसंमइयं ।
पत्तं मासियमेयं, भव्वाणं मग्गयं विसयं ॥ १ ॥

# શ્રી જૈન સત્ય પ્રકાશ

પુસ્તક ૩ : ક્રમાંક ૨૯ : અંક ૫

વિક્રમ સંવત્ ૧૯૯૪ : વીર સંવત્ ૨૪૬૪ : સન ૧૯૩૭
માગશર સુદી તેરસ બુધવાર ડીસેમ્બર ૧૫

## ॥ श्री सरस्वतीस्तोत्रम् ॥

कर्ताः—आचार्य महाराज श्रीमद् विजयपद्मसूरिजी

(गतांकथी पूर्ण)

॥ आर्याच्छंदः ॥

स्पष्टं वद वद मातः, हंस इव त्वत्पदाम्बुजे चपलं ।
हृदयं कदा प्रसन्नं, निरतं संपत्स्यते नितराम् ॥ १६ ॥

रससंचारणकुशलां, ग्रन्थादौ यां प्रणम्य विद्वांसः ।
सानन्दग्रन्थपूर्त्ति-मश्नुवते तां स्तुवे जननीं ॥ १७ ॥

प्रवराजारीग्रामे, शत्रुंजयरैवतादितीर्थेषु ।
राजनगररांतेजे, स्थितां स्तुवे पत्तनेऽपि तथा ॥ १८ ॥

अतुलस्तवप्रभावः, सुरसंदोहस्तु ते मया बहुशः ।
अनुभूतो गुरुमंत्र-ध्यानावसरे विधानाढ्ये ॥ १९ ॥

ते पुण्यशालिधन्याः, विशालकीर्त्तिप्रतापसत्त्वधराः ।
कल्याणकांतयस्ते, ये त्वां मनसि स्मरन्ति नराः ॥ २० ॥

विपुला बुद्धिस्तेषां, मंगलमाला सदा महानन्दः ।
ये त्वदनुग्रहसाराः, कमला विमला भवेत्तेषां ॥ २१ ॥

गुणनंदनिधीन्दुसमे, श्रीगौतमकेवलाप्तिपुण्यदिने ।
श्रीजिनशासनरसिके, जैनपुरीराजनगरवरे ॥ २२ ॥

विज्ञानपुंजलाभा, श्रुतदेवीविंशिका विशालार्था ।
प्रणवादिमंत्रबीजा, श्रुतार्थिभव्याङ्गिपठनीया ॥ २३ ॥

रचिता सरलरहस्या, पूज्यश्रीनेमिसूरिशिष्येण ।
श्रीपद्मसूरिणेयं, मुनिमोक्षानन्दपठनार्थम् ॥ २४ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુ શ્રી મહાવીરનું તત્ત્વજ્ઞાન

## લેખક :—આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરિજી

( ક્રમાંક ૨૭ થી ચાલુ )

એવી રીતે જીવ તત્ત્વની, ભેદ પ્રભેદ નિત્યાનિત્યાદી વાસ્તવિક સ્વરૂપ યુક્ત વ્યાખ્યા જેવી પ્રભુ મહાવીરના તત્ત્વજ્ઞાનમાં મળે છે તેવી બીજે મળી શકતી નથી, કારણકે જીવ-તત્ત્વને સંપૂર્ણ સ્વરૂપે જાણવાનું સદ્ભાગ્ય શ્રી. કેવળજ્ઞાની ભગવંતોને હોય છે. મનઃપર્ય-વજ્ઞાની અવધિજ્ઞાની, અને શ્રુતકેવળીઓ પણ જીવતત્ત્વને જોવાની શક્તિ ધરાવતા નથી. તો પછી બીજા મનુષ્યોને તો તે જાણવાની શક્તિ હોય જ ક્યાંથી? અને એ જ કારણથી બીજાઓએ કેવળ નિત્યાનિત્યની કલ્પનાથી કાલ્પનિક સ્વરૂપ ઉપર ઊભી કરેલી બંધ મુક્તિની મહેલાતો કદીએ ટકી શકતી નથી તે આપણે જોઇ ગયા.

અજીવ તત્ત્વમાં પણ માત્ર પુદ્ગલના ભેદોને જ જાણવાની શક્તિ છદ્મસ્થમાં હોઇ શકે, તે સિવાય ધર્માધર્મ આકાશાદિને જોવાની શક્તિ પણ સર્વજ્ઞ પ્રભુમાં જ હોય છે. અને તેથી જે તત્ત્વનો પ્રણેતા સર્વજ્ઞ પ્રભુ હોય તે જ તત્ત્વ અબાધિત સ્વરૂપે રહી શકે છે. જીવ અજીવ તત્ત્વ જ્ઞેય સ્વરૂપે છે. અર્થાત્ જાણવા લાયક જ છે. હેય ઉપાદેય —છોડવા ધારવાનું તેમાં નથી. અને પુણ્ય, પાપ, આશ્રવ અને બંધ; એ ચાર તત્ત્વ હેય—છોડવા લાયક છે. અને સંવર નિર્જરા અને મોક્ષ એ ત્રણ તત્ત્વો ઉપાદેય-ગ્રહણ કરવા લાયક છે. આથી એ સિદ્ધ થાય છે કે ઉપર્યુક્ત નવ તત્ત્વના જ્ઞેયોના જ્ઞાતા, હેયના હાતા અને ઉપાદેયના સંપૂર્ણ રીતે ઉપાદાતા પ્રભુ મહાવીરસ્વામી હતા. અને તેથી તેમણે પ્રરૂપેલાં તત્ત્વો સમ્યગ તત્ત્વ છે. સર્વ તત્ત્વોનો જ્ઞાતા જીવ હોવાથી તે મુખ્ય તત્ત્વનું આપણે પ્રથમ વર્ણન કર્યું. હવે તેના પ્રતિપક્ષરૂપે ઉપસ્થિત થતા બીજા અજીવ તત્ત્વનું વર્ણન વિચારીએ.

શ્રી. વીર પ્રભુએ ધર્માસ્તિકાય- ૧ સ્કંધ, ૨ દેશ, અને ૩ પ્રદેશ; અધર્માસ્તિકાય- ૪ સ્કંધ, ૫ દેશ અને ૬ પ્રદેશ; આકાશાસ્તિકાય ૭ સ્કંધ ૮ દેશ, ૯ પ્રદેશ અને ૧૦ કાલ; પુદ્ગલાસ્તિકાય- ૧૧ સ્કંધ, ૧૨ દેશ, ૧૩ પ્રદેશ અને ૧૪ પરમાણુ એ ચૌદ અજીવના ભેદ કહ્યા છે.

અહીં કાલ સિવાય ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્ગલ એ ચાર દ્રવ્યને 'અસ્તિકાય શબ્દ જોડવામાં આવેલ છે અને કાલને નથી જોડયો તે સકારણ છે. 'અસ્તિ' એટલે પ્રદેશ અને 'કાય' એટલે તેનો સમૂહ એમ બે શબ્દોથી 'અસ્તિકાય' શબ્દ બન્યો છે, એટલે પ્રદેશોનો સમૂહ એવો અર્થ થયો. તેવા પ્રદેશનો સમૂહ કાલ, સમયાત્મક હોવાથી તેમાં હોઇ શકતો નથી માટે કાલને છોડી અજીવના મૂળ ચાર ભેદોમાં અસ્તિકાય શબ્દ યોજ્યો છે અને જીવમાં પણ અસંખ્ય પ્રદેશોનો સમૂહ હોવાથી તેમજ અસ્તિકાયનો સંબંધ મળવાથી જીવાસ્તિકાય કહેવાય છે. એટલે પાંચ અસ્તિકાય અને છઠ્ઠો કાળ એ છ જ દ્રવ્યમાં નૈયાયિકના સોળ પદાર્થ, વૈશેષિકોના છ પદાર્થ, કણાદના સાત, સાંખ્યનાં પચ્ચીશ તત્ત્વો અને આખોય લોકાલોક આવી જાય છે. અસ્તિકાય પાંચ જ છે તે માટે જુઓ ભગવતી સૂત્રના બીજા શતકનો દશમા ઉદ્દેશાનો પાઠઃ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**कतिणं भंते! अत्थिकाया पन्नत्ता? गोयमा! पंच अत्थिकाया पण्णत्ता, तंजहां – धम्मत्थिकाए – अधम्मत्थिकाए – आगासत्थिकाए जीवत्थिकाए पोगलत्थिकाए ॥**

**અર્થ**:— હે ભગવન્. અસ્તિકાયો કેટલા કહ્યા છે. પ્રભુએ કહ્યું હે ગૌતમ! ૧ ધર્માસ્તિકાય, ૨ અધર્માસ્તિકાય, ૩ આકાશાસ્તિકાય, ૪ જીવાસ્તિકાય અને ૫ પુદ્ગલાસ્તિકાય; એમ પાંચ અસ્તિકાયો કહ્યા છે. ત્યારપછી ગૌતમસ્વામીજીએ છ દ્રવ્યમાં કયાં કયાં દ્રવ્યોમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ છે વગેરે પ્રશ્નો કર્યા છે જેથી પદાર્થોના રૂપી અરૂપીનું, જીવાજીવનું, વ્યાપિ-અવ્યાપિનું, નિત્યાનિત્યનું તથા તેઓના ગુણ આદિનું જ્ઞાન થઇ શકે છે. તે પાઠો નીચે મુજબ છે:—

**धम्मत्थिकाए णं भंते! कति वन्ने कति गन्धे कति रसे कति फासे? गोयमा! अवण्णे अगन्धे अरसे अफासे अरूए अजीवे सासए अवट्ठिए लोगदव्वे से समासओ पंचविहे पन्नते, तंजहा–दव्वओ खेत्तओ कालओ भावओ गुणओ, दव्वओ णं धम्मत्थिकाए एगे दव्वे, खेत्तओ णं लोगप्पमाणमेत्ते, कालओ न कयावि न आसि न कयाइ नत्थि जावनिच्चे भावओ अवण्णे अगंधे अरसे अफासे, गुणओ गमणगुणे। अहम्मत्थिकाएवि एवं चेव, नवरं गुणओ ठाणगुणे। आगासत्थिकाएवि एवं चेव, नवरं खेत्तओ णं आगासत्थिकाए लोयालोयप्पमाणमेत्ते अणंते चेव जाव गुणओ अवगाहणागुणे। जीवत्थिकाए णं भंते! कति वन्ने कति गंधे कति रसे कइ फासे? गोयमा अवण्णे जाव अरूवी जीवे सासए अवट्ठिए लोगदव्वे से समासओ पंचविहे पण्णत्ते, तंजहा–दव्वओ जाव गुणओ, दव्वओणं जीवत्थिकाए अणंताइं जीवदव्वाइं, खेत्तओ लोगप्पमाणमेत्ते, कालओ न कयाइ न आसि जावनिच्चे, भावओ पुण अवण्णे अगंधे अरसे अफासे गुणओ उवओगगुणे। पोग्गलत्थिकाए णं भंते! कति वण्णे कति गंधे रसे फासे? गोयमा! पंच वण्णे पंच रसे दु गंधे अट्ठ फासे रूवी अजीवे सासए अवट्ठिए लोगदव्वे, से समासओ पंचविहे पण्णते तंजहा दव्वओ खेत्तओ कालओ भावओ गुणओ दव्वओ णं पोग्गलत्थिकाए अणंताइं दव्वाइं, खेत्तओ लोगप्पमाणमेत्ते, कालओ न कयाइ न आसि, जावनिच्चे भावओ वण्णमंते गन्ध० रस० फासमंते गुणओ गहणगुणे।**

**અર્થ**:—ભગવન્! ધર્માસ્તિકાયમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ કેટલાં હોય? ગૌતમ! તેમાં વર્ણ, ગન્ધ, રસ અને સ્પર્શ હોતાં નથી. તે અરૂપી અજીવ શાશ્વત અવસ્થિત લોકવ્યાપી દ્રવ્ય છે. તે સંક્ષેપથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ગુણ એમ પાંચ ભેદથી વર્ણવી શકાય છે.

દ્રવ્યથી ધર્માસ્તિકાય એક દ્રવ્ય. ક્ષેત્રથી લોકપરિમિત. કાલથી કોઇ પણ વખતે ન્હોતું એમ નહી અર્થાત્ નિત્ય, ભાવથી વર્ણ, ગન્ધ, રસ, સ્પર્શથી રહિત, ગુણથી ચાલવામાં સહાય કરનાર છે. અધર્માસ્તિકાય પણ એવી જ રીતે છે. ફરક માત્ર એટલો જ

[જુઓ પાનું ૧૬૦]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યગ્દર્શન

લેખકઃ—આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયપદ્મસૂરિજી

( ગતાંકથી ચાલુ )

આ અંતર્મુહૂર્ત્ત જેટલી સ્થિતિવાલા અનિવૃત્તિકરણના જેટલા સમયો થાય, [1]તેટલા જ તેના અધ્યવસાયો જાણવા અને તેવા અધ્યવસાયો પૂર્વ પૂર્વ સમયના અધ્યવસાયની વિશુદ્ધિથી આગળ આગળના સમયમાં અનંતગુણી વિશુદ્ધિવાલા જાણવા. તથા જેમ અપૂર્વ-કરણમાં શરૂઆતથી જ સ્થિતિઘાત વગેરે ચાર કાર્યો કરવામાં આવે છે, તેમ આ ત્રીજા કરણમાં પણ તે કાર્યો કરવામાં આવે છે. આ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ સ્થિતિવાલા કરણના કરેલા (કલ્પેલા) સંખ્યાતા ભાગોમાંથી ઘણા ભાગો ( એટલે તેટલો વખત) જ્યારે વીતી જાય અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે, ત્યારે સીધી લાઇન રૂપ મિથ્યાત્વની સ્થિતિ સંબંધિ નીચેનો અંતર્મુહૂર્ત પ્રમાણ ઉદયવલિકાનો ભાગ છોડી દઇ (ઉદયાવલિકા સિવાયના) બાકીના ભાગમાં અંતરકરણ કરે છે. અંતરકરણનો અર્થ એ છે કે- અંતર્મુહૂર્ત્ત કાલ સુધી ભોગવવા લાયક (એવા) મધ્ય ભાગમાં રહેલા દલિકોને પ્રથમ સ્થિતિમાં અને દ્વિતીય (બીજી) સ્થિતિમાં દાખલ કરવાના કારણભૂત જે ક્રિયાવિશેષ (અમુક જાતની ક્રિયા) અથવા

[ ૧૫૯મા પાનાનું અનુસંધાન ]

કે તે સ્થિર રહેવામાં સહાય કરે છે. આકાશને ક્ષેત્રથી લોકાલોક પરિમાણ અનંત માન્યો છે અને ગુણથી અવકાશ આપવાનો સ્વભાવ છે. બાકી ઉપરની જેમજ સમજવું. ભગવન્! જીવાસ્તિકાયમાં વર્ણ, ગન્ધ, રસ, સ્પર્શ કેટલાં હોય ? ગૌતમ ! વર્ણ, ગંધ, રસ, સ્પર્શ રહીત અરૂપી શાશ્વત અવસ્થિત લોકપરિમાણવાળો આત્મા છે. દ્રવ્યથી જીવદ્રવ્ય અનંતા છે. ક્ષેત્રથી લોક પ્રમાણ છે. કાલથી કોઇ પણ દિવસ ન્હોતો તેમ નથી કિન્તુ નિત્ય છે. ભાવથી વર્ણ, ગંધ, રસ, સ્પર્શ શૂન્ય છે. ગુણથી ઉપયોગ ગુણવાળો છે. પુદ્ગ-લાસ્તિકાયમાં કેટલા વર્ણ, ગન્ધ, રસ, સ્પર્શ હોય ? ગૌતમ ! પાંચ વર્ણ, બે ગન્ધ, પાંચ રસ અને આઠ સ્પર્શો હોય છે અને તે રૂપી અજીવ શાશ્વત અવસ્થિત લોકવ્યાપી દ્રવ્ય છે. તેના સંક્ષેપથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ગુણ એમ પાંચ ભેદ હોય છે. ત્યાં દ્રવ્યથી પુદ્ગલ દ્રવ્ય અનંતા છે, ક્ષેત્રથી લોકપ્રમાણ છે, કાલથી નિત્ય અને ભાવથી-વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળાં અને ગુણથી ગ્રહણ ગુણવાળાં છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય રૂપ સમસ્ત દ્રવ્યો તે સ્કંધ કહેવાય, તેના માધ્યમિક વિભાગો તે દેશ કહેવાય અને કેવલી ભગવાનની કેવલપ્રજ્ઞા વડે પણ જે કાલ્પનિક અંતિમ વિભાગનો પુનઃ વિભાગ ન થઇ શકે તેને પ્રદેશ કહે છે.

પુદ્ગલ દ્રવ્ય સમસ્ત તે સ્કંધ કહેવાય છે અને તેના પ્રદેશથી પ્રથમના જેટલા વિભાગો તે દેશ અને અંતિમ વિભાગ પ્રદેશ કહેવાય છે અને તે જ પ્રદેશ પોતાના સ્કંધ અને દેશથી જુદો પડી જાય ત્યારે પરમાણુ કહેવાય છે. એમ પુદ્ગલના ચાર ભેદ છે.

**અપૂર્ણ**

[1] એકેક સમય દીઠ એકેક અધ્યવસાય ગણવાથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધ્યવસાયો તેનું નામ અંતરકરણ જાણવું. એટલે જે ક્રિયાના પ્રતાપે અથવા અધ્યવસાયોના પ્રતાપે પહેલી અને બીજી સ્થિતિની વચમાં આંતરૂં (કર્મદલિક વિનાનો ખાલી ભાગ) પાડી શકાય તેવી જે ક્રિયા અથવા જે અધ્યવસાયો, તે અંતરકરણ કહેવાય. આ અંતરકરણની નીચેની સ્થિતિનું નામ પ્રથમ સ્થિતિ તથા ઉપરની સ્થિતિનું નામ દ્વિતીય સ્થિતિ એમ જાણવું.

પ્રશ્ન– કયા કારણથી અંતરકરણ કરવું જોઇએ ?

ઉત્તર– આગળ પામવા લાયક અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિવાલા અપૌદ્ગલિક ઔપશમિક સમ્યગ્દર્શનને મિથ્યાત્વના પુદ્ગલો વિઘ્ન ન કરે એવા મુદ્દાથી એટલે તે દર્શનગુણને મિથ્યાત્વના પુદ્ગલો ન બગાડે, એટલા માટે અંતરકરણ કરવું જોઇએ. શાસ્ત્રકારે આ અંતરકરણને અંતર્મુહૂર્ત્ત કાલપ્રમાણવાલું કહ્યું છે. જ્યારે આ ક્રિયા કરે ત્યારે મિથ્યાત્વની સ્થિતિના બે વિભાગ પડે છે. તેમાં (૧) પ્રથમ સ્થિતિનો વિભાગ–અંતર્મુહૂર્ત્ત પ્રમાણવાલો છે. (૨) દ્વિતીય સ્થિતિનો વિભાગ–અંતઃ કોડાકોડી સાગરોપમ પ્રમાણ જાણવો.

આ પ્રસંગે ઉદીરણા અને આગાલ કોને કહિયે ? તથા તે બેમાં શો તફાવત ? આ ઉપયોગી પ્રશ્નનો પણ ખુલાસો જરૂર સમજવા જેવો છે. અને તે એ કે–પ્રથમ સ્થિતિમાં વર્તમાન જીવો ઉદીરણા–પ્રયોગથી તે (પ્રથમ સ્થિતિ)ના દલિકોને ખેંચીને જે ઉદયાવલિકામાં દાખલ કરે છે, તેવી દાખલ કરવાની જે ક્રિયા તે ઉદીરણા કહેવાય. એ જ પ્રમાણે દ્વિતીય (બીજી) સ્થિતિમાં રહેલા દલિકોને તે જ ઉદીરણા પ્રયોગ વડે કરીને ખેંચી ઉદયાવલિકામાં દાખલ કરે, તેવી જે ક્રિયા તે આગાલ કહેવાય. એમ આગાલ તે ઉદીરણાનો એક ભેદ છે એમ સમજવું. ઉદીરણાનું અને આગાલનું રહસ્ય એ છે કે–ઉદીરણાના પ્રસ્તાવે પ્રથમ સ્થિતિના કર્મદલિકો ઉદયાવલિકામાં દાખલ કરાય છે અને આગાલના પ્રસ્તાવે તો દ્વિતીય સ્થિતિના કર્મદલિકો ઉદયાવલિકામાં દાખલ કરાય છે. ઉદય વડે અને ઉદીરણા વડે પ્રથમ સ્થિતિ (ના દલિકો)નો અનુભવ કરતા કરતા જ્યારે તે (પ્રથમ) સ્થિતિ બે આવલિકા પ્રમાણ (જેટલી) બાકી રહે, ત્યારે આગાલરૂપ ઉદીરણા પ્રવર્ત્તતી નથી, પણ મિથ્યાત્વના સ્થિતિઘાત અને રસઘાત તથા ઉદીરણા તો પ્રવર્ત્તે છે (ચાલુ રહે છે). બે આવલિકાની પહેલાં જ આગાલ અને ગુણશ્રેણિ પ્રવર્ત્તી શકે. એમ થતાં જ્યારે પ્રથમ સ્થિતિ આવલિકા કાલ પ્રમાણ (જેટલી) બાકી રહે છે, ત્યારે ઉપર જણાવેલાં ત્રણે કાર્યો (મિથ્યાત્વના સ્થિતિઘાત અને રસઘાત તથા ઉદીરણા) પણ બંધ પડે છે એટલે પ્રવર્ત્તતા નથી. તેથી તે આવલિકામાં રહેલા દલિકોને ઉદય વડે જ અનુભવે છે. અહીં પ્રથમ સ્થિતિમાં વર્ત્તતા જીવોને ખરી રીતે મિથ્યાદૃષ્ટિ જ કહી શકાય. કારણ કે–તે જીવો મિથ્યાત્વના દલિકોને અનુભવે છે. મિથ્યાત્વની પ્રથમ સ્થિતિ કાલના ચરમ સમયે એટલે અનિવૃત્તિકરણના છેલ્લા સમયે બીજી સ્થિતિમાં રહેલા દલિકોના અનુભાગ (રસ)ની તરતમતા (ઓછા વધતાપણા)વાળા ત્રણ પુંજ (ઢગલા) કરે છે. આ બાબતમાં જુઓ સાક્ષીપાઠ—

**ते कालं बीयठिइं–तिहाऽणुभावेण देसघाइत्थ ॥**
**सम्मत्तं सम्मिस्सं–मिच्छत्तं सव्वघाइत्थ ॥ १ ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સ્પષ્ટાર્થ:—** તે કાલે એટલે જે સમયની પછી ઔપશમિક સમ્યગ્દર્શન પામશે તે સમયે અથવા પ્રથમ સ્થિતિના છેલ્લા સમયે મિથ્યાત્વ ભાવમાં રહ્યા છતાં ભવ્ય જીવો બીજી સ્થિતિમાં રહેલા—કર્મદલિકોને અનુભાગની અપેક્ષાએ શુદ્ધ (ચોખ્ખા), અર્ધશુદ્ધ અને અશુદ્ધ એમ ત્રણ જાતના કરે છે. તેમાં જે શુદ્ધ દલિકો તે સમ્યક્ત્વ મોહીનીયનો પુંજ જાણવો આ જે સમ્યકત્વ મોહીનીય તે દેશઘાતિ પ્રકૃતિ ગણાય છે. કારણ કે તે પ્રકૃતિમાં રહેલો રસ–વિશિષ્ટ શ્રદ્ધાન રૂપ દેશને રોકે છે (ઢાંકે છે), પરંતુ સામાન્ય શ્રદ્ધાનને રોકતો નથી. તથા જે અર્ધશુદ્ધ દલિકો તે મિશ્ર મોહનીયનો પુંજ જાણવો અને જે અશુદ્ધ દલિકો તે મિથ્યાત્વ મોહનીયનો પુંજ જાણવો. આ બંનેય પ્રકૃતિઓને શાસ્ત્રમાં સર્વઘાતિ પ્રકૃતિયોની ભેગી ગણી છે. કારણકે તે બંને પ્રકૃતિયોમાં સર્વથા શ્રદ્ધાનનો ઘાત કરનાર રસ રહેલો છે. ત્રિપુંજની ક્રિયા મીણાવાલા કોદરાના દૃષ્ટાંતથી સમજી શકાય છે. જેમ તદ્દન મીણા વિનાના કોદારાનો જે ઢગલો તે શુદ્ધ પુંજ કહેવાય અને અર્ધા મીણાવાળા અને અર્ધા મીણા વગરનાં એમ બે જાતના કોદારાનો જે ઢગલો તે અર્ધશુદ્ધ પુંજ કહેવાય. તથા બધાયે મીણાવાલા કોદારાનો જે ઢગલો તે અશુદ્ધ પુંજ કહેવાય. એમ તદ્દન ચોખ્ખા મિથ્યાત્વ મોહનીયના જે પદ્ગલો તે સમ્યક્ત્વ મોહનીયનો પુંજ જાણવો. જો અર્ધા ચોખ્ખા પદ્ગલો હોય, તો તે મિશ્ર મોહનીયનો પુંજ કહેવાય. અને પહેલાંની જેવા જ જે મિથ્યાત્વ મોહનીયનાં અશુદ્ધ પદ્ગલો તે મિથ્યાત્વમોહનીયનો પુંજ સમજવો. એમ કર્મ પ્રકૃતિ અને તેની [1]ચૂર્ણિના અભિપ્રાયે જણાવ્યું કે અનાદિ મિથ્યાદૃષ્ટિ ભવ્ય જીવ ઔપશમિક સમ્યક્ત્વ પામ્યા પહેલાં ત્રિપુંજ કરે. પરંતુ શ્રી શતકચૂર્ણિ વગેરે ગ્રંથોનો આશય પણ સમજવા જેવો છે. ત્યાં એમ કહ્યું છે કે પહેલી જ વાર સમ્યક્ત્વને ઉપજાવતો અનાદિમિથ્યાદૃષ્ટિ ભવ્ય જીવ શરૂઆતમાં ત્રણ કરણ કરીને ઔપશમિક સમ્યકત્વ પામે. ત્યારબાદ મિથ્યાત્વ મોહનીયના દલિકોને—ત્રણ જાતના બનાવે છે. તે આ પ્રમાણે (૧) શુદ્ધ પુંજ (૨) મિશ્ર પુંજ (૩) અશુદ્ધ પુંજ. જુઓ આજ અર્થવાળો શતક ચૂર્ણિનો સાક્ષિ પાઠ:—

**[2] पढमं सम्मत्तं उप्पाडिंतो तिण्णि करणाणि करेउं उवसमसम्मत्तं पडिवण्णो मिच्छत्तदलियं तिपुंजी करेइ—सुद्धं – मीसं – असुद्धं चेति ॥**

એ પ્રમાણે ત્રિપુંજ કરવાની બાબતમાં જણાવેલા બે વિચારો પૈકી પ્રથમ વિચારનું રહસ્ય એમ સંભવે છે કે—સમ્યગ્દર્શનાદિ વિશિષ્ટ ગુણોની ગેરહાજરીમાં પણ ત્રીજા કરણની મદદથી ત્રિપુંજની ક્રિયા કરી શકાય. અને બીજા વિચારનું રહસ્ય એમ સમજાય છે કે– જેમ કોદરાનો મીણો છાણથી ઉતારી શકાય, તેમ ઔપશમિક સમ્યગ્દર્શનથી મિથ્યાત્વના દલિકોમાં ત્રણ વર્ગ પાડી શકાય છે. બંને વિચારોનું ખરૂં તત્ત્વ શ્રી કેવલપ્રભુ જાણે.

પ્રસ્તુત વાત એવી છે કે-પ્રથમ સ્થિતિના અનુભવ કાલમાં ત્રણે કરણોને કરનારા સંસારી

---

૧– ચૂર્ણિનો પાઠ આ પ્રમાણે જાણવો—" **चरमसमयं मिच्छद्दिट्ठी से काले उवसमसम्मद्दिट्ठी होहीइ, ताहे बिइयठिइं तिहाणुभागं करेइ, तंजहा–सम्मत्तं, सम्ममिच्छत्तं, मिच्छत्तं चेति ॥** " ( આ પાઠનો અર્થ–ઉપર જણાવ્યો છે. )

૨. **प्रथमं (आदौ) सम्यक्त्वमुत्पादयन्–त्रीणि करणानि कृत्वा–औपशमिक-सम्यक्त्वं प्रतिपन्नो–मिथ्यात्वदलिकं त्रिपुंजी करोति–शुद्धं मिश्रं अशुद्धं चेति॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવ્ય જીવો-મિથ્યાદૃષ્ટિ જ કહી શકાય, કારણ કે તેઓ મિથ્યાત્વના દલિકોને અનુભવી (ભોગવી) રહ્યા છે. અનાદિ મિથ્યાદૃષ્ટિ ભવ્ય જીવો— જ્યારે પહેલી સ્થિતિના દલિકો સંપૂર્ણ ભોગવી રહે, ત્યારે અંતરકરણના પહેલા સમયે ઔપશમિક દર્શનને મેળવે છે. સેનાધિપતિ જેમ દુર્જય શત્રુને જીતીને ઘણોજ ખૂશી થાય, તેમ સંસારી ભવ્ય જીવો પણ ( આ વખતે અપૂર્વ વીર્યોલ્લાસવાળો હોવાથી ) મહાસેનાધિપતિ જેવા બનીને પોતાના ખરા શત્રુભૂત મિથ્યાત્વ (વગેરે)ને જીતીને અત્યંત સાત્વિક આનન્દ પામે છે. આ બીનામાંથી આપણને અપૂર્વ બોધ એ મળે છે કે-ખરા શત્રુઓ[૧]-આઠ કર્મો છે. તે આઠે કર્મોમાં પણ દુર્જય શત્રુ મોહનીય છે. તેમાં પણ મિથ્યાત્વ એ મુખ્ય છે. જેમ વિજય મેળવવાની ચાહનાવાળા બુદ્ધિશાલી પુરૂષો પહેલાં-સેનાપતિને હરાવે તો જ લશ્કરને થોડા વખતમાં હરાવી શકે છે. તેમ જેઓ મિથ્યાત્વને હરાવે તેઓ જ મોહાદિને હગાવવા પૂર્વક તમામ કર્મ શત્રુઓને જીતી શકે છે. આવાજ ઇરાદાથી ઘણી એકાગ્રતાથી આત્મવીર્ય ફોરવીને શરૂઆતમાં મિથ્યાત્વને જીતવાની જરૂર પડે છે. આ અભ્યંતર શત્રુઓ જેટલી આપણી ખરાબી કરે છે તેટલી ખરાબી બાહ્ય શત્રુઓ કરતા નથી; અને કરવાને સમર્થ પણ નથી. જ્યારે બાહ્ય શત્રુઓ ચાલુ વિનશ્વર સુખનાં સાધનોને બગાડે છે, ત્યારે અભ્યંતર શત્રુઓ આત્માની સ્થિર, અખૂટ સમ્યગ્દર્શનાદિ ભાવ લક્ષ્મીને બગાડે છે. આવું સમજતાં મહાસાત્વિક પુરૂષો બાહ્ય શત્રુઓના જુલ્મો તરફ લક્ષ્ય રાખતા જ નથી. પરમાત્મા મહાવીર દેવને ગોશાલાએ, ગોવાલિઆઓએ તથા સંગમદેવે ઘણા યે ઉપસર્ગો કર્યા, છતાં તે તરફ પ્રભુએ ધ્યાન આપ્યું જ નહિ. ઉલટું તે શ્રીતારક દેવે પોતાની ઉપર તેજોલેશ્યા મૂકનારા મંખલિપુત્રને પણ શીતલેશ્યા મૂકીને બચાવ્યો. અને આપણને શીખામણ આપી કે જો તમે ખરા ધર્મવાસનાવાળા થવાને ચાહતા હો, અથવા તેવા હો તો અપરાધિને જરૂર બચાવજો. નિરપરાધિ જીવોને બચાવનારા તો દુનિયામાં ઘણાં યે જીવો દેખાય છે. ખરૂં ધર્મિપણું (ખરૂં સમ્યગ્દૃષ્ટિપણું) તો અપરાધની ઉપેક્ષા કરીને ભાવદયારૂપિ અમૃતનો ધોધ-પ્રવાહ વરસાવીને ગુન્હેગાર જીવોને પણ બચાવવામાં છે. માટે જ મહાસમર્થ પ્રભુદેવે સંગમદેવની ઉપર અને ગોવાલિયાની ઉપર તથા ચંડકૌશિક સર્પની ઉપર લગાર પણ દ્વેષ રાખ્યો નથી અને અખંડ ભકત ઇન્દ્રાદિની ઉપર રાગ પણ ધારણ કર્યો નથી. ગ્રંથિભેદનો અપૂર્વ પ્રસંગ પણ આવો જ ઉત્તમ બોધ આપે છે. એમ આખી સમ્યગ્દર્શન પામવાની પ્રણાલિકા પણ અનેક સ્થળોમાં અપૂર્વ આત્મશિક્ષાનો બોધ આપવા સમર્થ છે. માટે આ પ્રક્રિયા અપૂર્વ બોધદાયક છે, એ જરૂર સમજવું જોઇએ. ( અપૂર્ણ )

卐

૧. જેમ જેટલી ઢાંકવાની વસ્તુઓ ( તપેલી વિગેરે ] હોય, તેટલા જ ઢાંકણાની જરૂર પડે, તેમ અહીંયા આઠ કર્મો એ ઢાંકણાં જેવા સમજવાં. કારણ કે દરેક મૂલ કર્મ એકેક મૂલ ગુણને ઢાંકે છે. તેવા ઢાંકવા લાયક આઠ ગુણોને ધ્યાનમાં રાખી કર્મો આઠ માન્યાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# समीक्षाभ्रमाविष्करण

[ याने दिगंबर मतानुयायी अजितकुमार शास्त्रीए "श्वेतांबर मत समीक्षा"मां आळेखेल प्रश्नो प्रत्युत्तर ]

लेखकः—आचार्य महाराज श्रीमद् विजयलावण्यसूरिजी

---

## साधु क्या कभी मांस भक्षण भी करे ?

( क्रमांक २७ थी चालु )

आ प्रश्न लखता लेखके श्वेताम्बर दर्शन पर कुठाराघात करी हार्दिक वृत्तिने ठलवी छे, एटलुं ज नहि परन्तु समग्र जैनदर्शनने दोषावर्तमां दोरवानी बालिशता सेवी छे. अस्तु !

आ प्रश्ननी पीठिकाना चणतरमां लेखके गोठवेली एक ईंट—

"विना मांसत्यागके जैनधर्म धारण नहीं किया जाय"

आनो वाक्यार्थ कांइक परीक्षा मागे छे. माटे प्रथम तेनी विचार-सृष्टिना कतिपय भागने अवगाहीए.

जैनत्वनो दावो धरावनार मानवी पासे ओछामां ओछुं सम्यग्दर्शन रत्न तो होवुं जोइए, अत एव सम्यग्दर्शन जैनत्वनुं मूल छे एम विना संकोचे मानवुं पडशे. परन्तु विरति ज नहि. कारणके गुणस्थानकनी श्रेणिना चतुर्थ सोपान पर रहेला भव्य गणनी पासे विरति नहि होवा छतां ते सम्यग्दर्शन विभूतिने लइने जैन होवानो दावो धरावी शके छे. आ प्रस्तुत अर्थने जैन शब्दनी व्युत्पत्ति पण पूरो सहकार आपे छे. 'जिनो देवता यस्य स जैनः', जिनेश्वरने ज देव तरीके मान्य करनार व्यक्ति जैन कहेवाय छे. आ मान्यतानो समवतार सम्यग्दर्शनमां थाय छे. आ सम्यग्दर्शन गुण अनन्तानुबन्धिना कषायनी चतुष्टयीना अने दर्शन-मोहनीयना क्षयोपशमादिकने आभारी छे. त्यारे बीजी बाजु दृष्टिपात करीए तो विरति गुण अप्रत्याखानादि द्वादश कषायना क्षयोपशमादिकने आभारी छे, जेनां कारणो भिन्न छे, जेनुं स्वरूप भिन्न छे, जेनां फलादिकमां विशेषता छे. एवी भिन्न स्वभाववाळी बे वस्तुमां अमुक एकना अभावे अपरनो अभाव प्रदर्शित करवो ते मृत्तिकाना अभावे पटोत्पत्तिना निषेध सरखो छे.

प्रस्तुतमां मांसत्याग 'मांसविरति' द्वादश कषायना क्षयोपशमादिकने अधीन छे त्यारे जैनत्व तद्व्यतिरिक्त कारणनी गवेषणा करे छे. माटे मांसविरतिना अभावे जैनत्वनो एकान्त अभाव बताववो ते कपोलकल्पनाने आभारी छे. यद्यपि एटलुं तो साक्षरने अक्षरशः स्वीकारवुं पडशे के

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सम्यग्दर्शनमां अनुकम्पा गुण होवो जोइए अने अनेकशः लोलुपतादि भावे मांस–भक्षण करनार निरपेक्ष व्यक्तिने ते टकी शकतो नथी. अतएव मांस–भक्षणने नरकायुबन्धना कारण तरीके वर्णवेल छे. छतां पण सापेक्ष भावे अनधीनताने लइने कदाचित् क्वचित् कोइ न त्यजी शकतो होय तो तेने जैनत्व ज नथी एवुं एकान्त कहेवुं ते उचित नथी. सारांश ए छे के— जैन नामधारीए मांस-भक्षण न करवुं जोइए, मांस–भक्षण महाहिंसानुं स्थान छे, अनुकम्पा गुणने लोपी नरकायुबन्धनुं कारण बने छे. फक्त एकान्त कथननी सामे ज अमारो असहकार छे.

क्रमशः पदन्यास करती लेखकनी लेखनीए आळेखेल अश्लिष आलेखनः—

" मनुस्मृति आदि ग्रन्थके समान कहीं तो मांसभक्षणमें बहुतसे दूषण बतलाते हैं, किन्तु कहीं किन्हीं ग्रंथोमें उसी मांस–भक्षणका पोषण है."

आमांथी त्रण वस्तु स्पष्ट तरी आवे छेः—

१ मांसभक्षणना संबन्धमां श्वेताम्बर शास्त्र मनुस्मृति आदि ग्रन्थोना सादृश्यने वहन करे छे.

२ श्वेताम्बर शास्त्रमां ते ते प्रासङ्गिक स्थलोमां मांसभक्षणने अंगे महान् दोषो वर्णव्या छे.

३ श्वेताम्बर दर्शनना केटलाएक ग्रन्थोमां कोइ कोइ स्थले मांसभक्षणनी पुष्टि करेल छे।

प्रथम वस्तुनो खुलासो:—

विमल आचारना, अनुपम तत्त्वज्ञानना अने विश्वव्यापिनी दयाना वहन करनार जिनेन्द्रभाषित श्वेताम्बर आगम क्यां ? अने मांसभक्षणने अग्र स्थान आपनार मनुस्मृति क्यां ? खरेखर, लेखके उपमा अलंकारने अस्थाने योजीने, पोताने माटे उपमा अलंकार भागी लीधेल छे. विचारशील वाचकवर्ग ज ते समर्पे !

मांसनी भक्ष्याभक्ष्यताने अंगे मनुस्मृति प्रभृतिना निनादो:—

मां स भक्षयिताऽमुत्र, यस्य मांसमिहाद्म्यहम्।
एतन्मांसस्य मांसत्वं, प्रवदन्ति मनीषिणः॥ मनुस्मृति, अ० ५ श्लो. ५५.

एकाक्षरी निर्युक्तिने अनुसारे मांस शब्दना बे विभाग कल्पीने अर्थ करता मनु जणावे छे के 'स' आ जन्ममां जेनुं मांस हुं खाइ रह्यो छुं ते जीव 'मां' आगामी भवमां मने खाशे. आ मांसनुं मांसपणुं छे, अर्थात् मांस शब्दनी निरुक्ति छे, एम निरुक्तविधिना निष्णात पुरुषो कहे छे. आ उपर्युक्त श्लोकथी मनु स्पष्ट जणावे छे के हे मानवीओ, आ भवमां तमे जेनुं मांस खाइ रह्या छो ते भवान्तरमां तमारुं मांस खानारा थशे माटे मांस वर्जन करवुं जोइए।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



नाकृत्वा प्राणिनां हिंसां, मांसमुत्पद्यते क्वचित् ।
न च प्राणिवधः स्वर्ग्यस्तस्मान्मांसं विवर्जयेत् ॥ मनुस्मृति, अ० ५ श्लो० ४८ ॥

प्राणीओनी हिंसा कर्या सिवाय कदापि मांस उत्पन्न थइ शकतुं नथी. अने प्राणीवध स्वर्गने आपनार नथी, माटे मांसनुं वर्जन करवुं जोइए।

समुत्पत्तिं च मांसस्य, वधबन्धौ च देहिनाम् ।
प्रसमीक्ष्य निवर्तेत, सर्वमांसस्य भक्षणात् ॥ मनुस्मृति, अ० ५. श्लो० ४९ ॥

मांसनी उत्पत्ति केवी रीते थाय छे ते विचारीने तथा प्राणीओना वध बंधनने जोइ विचारीने सर्व प्रकारना मांस-भक्षणथी निवृत्त थवुं जोइए, अर्थात् कोई पण जातनुं मांस खावुं नहि.

आ उपर्युक्त मनुनी वचनदीपिकाए दया मार्गमां सारो प्रकाश फेंक्यो छे. आ दिशाने ज मनुए जो संभाळी राखी होत तो यज्ञादिकमां अकाले मरणने शरण थता अशरण पशुगणना आक्रन्द नादो गगनमंडलने झीलवा पडत नहि. परन्तु आनी प्रतिकूल दिशा पकडवामां पण मनुए पाछी-पानी करी नथी. जुओ—

न मांसभक्षणे दोषो, न मद्ये न च मैथुने ।
प्रवृत्तिरेषा भूतानां, निवृत्तिस्तु महाफला ॥ मनुस्मृति, अ० ५, श्लो०५६ ॥

मांसभक्षणमां, मदिरापानमां अने मैथुनसेवनमां दोष नथी, कारण? आ तो जीवोनी अनादिकालनी प्रवृत्ति ज छे. आनुं वर्जन करवाथी महालाभ थाय छे.

मनुना आ पूर्वापरनां वचनो परस्पर केटलो विरोध धरावे छे? पूर्वना त्रण श्लोको ज्यारे मांसभक्षणमां दोष बतावे छे त्यारे चोथो श्लोक दोषनी ना पाडे छे. अरे, पूर्वापरनां वचनो तो बाजु पर रह्यां, परन्तु अन्तिम श्लोकना ज अर्थमां परस्पर विरोध आवे छे. जुओ—अन्तिम श्लोकना बे अर्थ बताव्या छेः—

१ अनादि कालनो जीवनी प्रवृत्ति होवाथी मांसभक्षणादिमां दोष नथी.
२ मांसभक्षणादिनी निवृत्ति करवाथी महान् लाभ थाय छे.

आमांथी बीजा अर्थना संबन्धमां पूछवामां आवे छे के निवृत्ति महा-फलवाळी शाथी छे? शुं सदोष प्रवृत्तिने रोकनार होवाथी? अथवा निर्दोष प्रवृत्तिने रोकनार होवाथी? सदोष प्रवृत्तिने रोकनार होवाथी, एम जो कहेता हो तो नक्की थइ चूक्युं के मांसभक्षणादिनी प्रवृत्ति सदोष छे. अने पूर्व अर्थमां तो निर्दोष छे तेम जणावो छो, माटे परस्पर विरोध आवशे. कदाच एम कहो के निर्दोष प्रवृत्तिने रोकनार होवाथी महालाभ छे, तो सारांश ए आव्यो के निर्दोष वस्तुने रोकवामां महालाभ थाय छे. हवे निवृत्ति निर्दोष होवाथी निवृत्तिनी निवृत्ति करवामां पण महालाभ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



थवो जोईए, अने निवृत्तिनी निवृत्ति ते प्रवृत्तिरूप छे माटे मांसभक्षणादिनी प्रवृत्तिमां पण महान् लाभ थवो जोइए. अने तेनो स्वीकार थइ शके तेम नथी केमके निर्दोष वस्तुने छोडवामां जो महालाभ थतो होय तो सन्यासाश्रमादि निर्दोष धर्मक्रियाओने पण त्यजवी जोइए, कारणके तेमां महान् लाभ समायेल छे. आ वस्तु पण इष्ट कही शकाय तेम नथी. अतएव कहेवुं पडशे के आ एक ज श्लोकना अर्थमां पण परस्पर विरोध आवे छे।

परस्पर विरोध धरावता मनुना उपर्युक्त वचननी संगतिनो एक नवो उपाय आ छे:—

'न मांसभक्षणे दोषः' ए पादमांथी जेम दोष शब्द नीकली शके छे, तेम उच्चारण सदृश छतां 'न मांसभक्षणेऽदोषः' ए रीते 'अ' ने लोपायेल मानवाथी 'अदोष' शब्द पण नीकली शके छे, अने तेनो अर्थ एवो थाय छे के मांसभक्षणमां अदोष नथी अर्थात् दोष ज छे. "द्वौ नञौ प्रकृत्यर्थं निश्चिनुतः' बे निषेध मूल अर्थने सुनिश्चित करे छे. 'न मद्ये न च मैथुने' आनो अर्थ–मदिरापानमां अने मैथुनसेवनमां अदोष नथी अर्थात् दोष ज छे. 'प्रवृत्तिरेषा भूतानां' आनो अर्थ प्राणीओनी आ प्रवृत्ति छे. प्रवृत्ति एटले 'प्रवर्तन्ते उत्पद्यन्तेऽस्यामिति प्रवृत्तिः' उत्पत्तिस्थान छे, अर्थात् मांस, मदिरा अने मैथुनस्थानमां अगण्य जीवोनी उत्पत्ति छे, अथवा 'भूतानां' कहेता भूतोनी भूत पिशाच राक्षस प्रभृति क्षुद्र देवोनी आ प्रवृत्ति छे, अर्थात् विवेकवंतने मांसमदिरादिकमां प्रवृत्ति करवी ते उचित नथी. 'निवृत्तिस्तु महाफला' आमां रहेल 'तु' शब्द निश्चय अर्थने जणावनार होवाथी, निवृत्ति करवाथी ज महालाभ थाय छे.

संगतिनो भंग करनारां मनुनां वचनो—

प्रोक्षितं भक्षयेन्मांसं, ब्राह्मणानां च काम्यया।
यथाविधि नियुक्तस्तु, प्राणानामेव वात्यये ॥ १ ॥ मनुस्मृति, अ. ५ श्लो० २७॥

वैदिक मन्त्रथी संस्कार अपायेल मांस खावुं, ब्राह्मणोए खाता वचेल मांस तेनी इच्छाथी खावुं, 'यथाविधि' शब्द अहीयां जोडवाथी एवो पण अर्थ थाय के यज्ञविधि, श्राद्धविधि अने प्राघूर्णक विधिमां ब्राह्मणोए खाता वचेल मांस तेनी इच्छाथी खाय, तथा गुरुए कार्यमां जोड्यो होय तो मांस खाय. अहीयां 'यथाविधि' शब्द जोडवाथी एवो पण अर्थ थाय के यज्ञविधि, श्राद्धविधि अने प्राघूर्णक विधिमां गुरुए जोडेली व्यक्ति मांसभक्षण करे, अथवा प्राणना नाशनो प्रसंग उपस्थित थयो होय तो पण मांस–भक्षण करे, कारण के 'सर्वत आत्मानं गोपयेत्' दरेक रीते आत्मानुं रक्षण करवुं जोइए।

यज्ञविधि–पशुमेध, अश्वमेध प्रभृति यज्ञने प्रतिपादन करनार शास्त्रमां छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



श्राद्धविधि-मरणने शरण थयेला मातपितादिने उद्देशीने करवामां आवे छे. आमां जुदी जुदी जातना मांसभक्षणथी फलनी विशेषताओ बतावी छे.

द्वौ मासौ मत्स्यमांसेन, त्रीन् मासान् हारिणेन तु ।
उरभ्रेणेह चतुरः, शकुनेन तु पञ्च वै ॥ मनुस्मृति, अ० ३, २६८
षण्मासांश्छागमांसेन, पार्वतीयेन सप्त वै ।
अष्टावेणस्य मांसेन रौरवेण नवैव तु ॥ २६९
दश मासांस्तु तृप्यन्ति, वराहमहिषामिषैः ।
कूर्मशशकमांसेन, मासानेकादशैव तु ॥ २७०
संवत्सरं तु गव्येन, पयसा पायसेन तु ।
वार्ध्रीणस्य तु मांसेन, तृप्तिर्द्वादशवार्षिकी ॥ २७१

श्राद्ध क्रियामां माछलाना मांसनुं भक्षण करवाथी स्वर्गस्थ पूर्वजोने बे महीना सुधी तृप्ति मळे छे, ए रीते हरिणना मांसथी ३ मास, घेटाना मांसथी ४ मास, पक्षीओना मांसथी ५ मास, बकरना मांसथी ६ मास, धोळा चांदावाळा मृगलाना मांसथी ७ मास, श्याम मृगलाना मांसथी ८ मास, रुरु मृगलाना मांसथी ९ मास, भूंड तथा पाडाना मांसथी १० मास, काचबाना अने ससलाना मांसथी ११ मास, गायना दुधथी तथा क्षीरना भक्षणथी १२ मास अने लांबा कान तथा नाकवाळा बहेरा धोळा बकराना मांसथी बार वर्ष सुधी स्वर्गस्थ पूर्वजोने तृप्ति मळे छे ।

प्राघूर्णक विधि-" महोक्षं वा महोजं वा, श्रोत्रियाय प्रकल्पयेत् "

याज्ञवल्क्य जणावे छे के-श्रोत्रिय ब्राह्मण घेर आवे त्यारे मोटा वृषभना अथवा मोटा बकराना मांसथी तेनी मेमानगीरी करवी.

परस्पर आवता विरोधना परीहारनी एक चेष्टाः-

उपर जणाव्या प्रमाणे मनुनां वचनोमां जे विरोध जणाय छे तेनो परीहार नीचे प्रमाणे छे-

मांसभक्षणनो निषेध करनारां जे मनुनां वचनो ते शास्त्रमां नहि जणावेला मांसने माटे छे, अने मांस-भक्षण करवाना जे मनुनां वचनो ते शास्त्रमां बतावेला मांसने माटे छे ।

विरोधपरीहारक चेष्टानी अनुचितताः-

आ कल्पनामां एक महान् दोष उपस्थित थशे, ते ए ज के " निवृत्तिस्तु महाफला " मांस भक्षणादिनी निवृत्ति छे ते महाफलवाळी छे, आवुं जे प्रथम बतावी आव्या छीए ते कोइ पण रीते घटी शकशे नहि. कारण ? निवृत्ति तो प्राप्त वस्तुनी होइ शके छे. कदाच एम पण कहेवामां आवे के लौकिक मांस भक्षण प्राप्त ज छे कारण के शास्त्रमां नहि बतावेला मांस-भक्षण पण लोकमां थाय छे. तो ते पण व्याजबी नथी, कारण के लौकिक मांसभक्षणनो तो " मां स भक्षयिता " " नाकृत्वा पशूनां हिंसां " " समुत्पत्तिं च मांसस्य" इत्यादि वचनोए निषेध करेलो छे, माटे ते प्राप्त ज नथी. तथा

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



लौकिक मांस–भक्षणने प्राप्त गणीए तो तेनी निवृत्तिमां ज महालाभ थशे परंतु शास्त्रीयमा मांस–भक्षणनी निवृत्तिमां नही थाय.

वळी "न मांसभक्षणे दोषः" मांस–भक्षणमां दोष नथी एम कही "निवृत्तिस्तु महाफला" एम जणावेल छे. माटे जे मांसभक्षणमां दोष नथी ते मांस-भक्षणनी निवृत्तिमां महालाभ छे एम मानवुं पडशे. कदाच एम कहेवामां आवे के "न मांसभक्षणे दोषः" ए वाक्य शास्त्रीय मांस–भक्षणमां दोष नथी एम जणावे छे, आ शास्त्रीय मांस–भक्षण "प्रोक्षितं भक्षयेन्मांसं" इत्यादि शास्त्रथी प्राप्त छे, एनो "निवृत्तिस्तु महाफला" एम कहीने निषेध करवामां आवे छे. तो ते पण व्याजवी नथी. कारण के शास्त्रविहित वस्तुनो निषेध करवामां महापाप समायेल छे. आ बात "यथाविधि नियुक्तस्तु" इत्यादि वचनोथी मनुए स्पष्ट करी बतावी छे. वळी सामान्य दोषवाळी पण वस्तु बनी शके तो धार्मिक प्रसंगमां वर्जवी जोइए तेने बदले मांस–भक्षण जेवी महादोषवाळी वस्तुने धार्मिक प्रसंगमां दोष नथी एम कहीने पोषवी अने देखाव खातर लौकिक प्रसंगमां निषेधवी ते पण एक अणउकेल कोयडो छे।

तथा तर्कदृष्टिए विचार करीए तो पण आ वचनो उचित नथी. "न मांसभक्षणे दोषो न मद्ये न च मैथुने। प्रवृत्तिरेषा भूतानां" आ वाक्यमांथी नीचे प्रमाणे अनुमान वाक्य नीकळी शके छे–

'शास्त्रविहितं मांसभक्षणं न दुष्टं, भूतानां प्रवृत्तिविषयत्वात्।

आ अनुमान प्रयोगमां जणावेल हेतु अनेकान्तिक होवाथी दुष्ट छे. कारण के भूतप्रवृत्तिविषयत्व तो असत्य वचनादिकमां पण छे अने त्यां दोषाभाव नथी. आ दोषनो परिहार करवा माटे कदाच एम कहेवामां आवे के 'शास्त्रविहितप्रवृत्तिविषयत्वात्' एवो हेतु करीशुं तो ते पण व्याजबी नथी, कारण के प्रवृत्तिपद नकामुं पडे छे अने व्यर्थ शब्द घटित होवाथी हेतु दुष्ट थई जशे. कदाच एम पण कहेवामां आवे के "शास्त्रविहितत्वात्" एटलो ज हेतु आपीशुं तो ते पण व्याजबी नथी, कारण के पक्ष अने हेतुनुं ऐक्य थइ जशे. कारण के पक्ष अने हेतुमां फलतः विशेषता नथी।

विरोधपरीहारनी द्वितीय चेष्टाः—

मनुना समयमां पशु–हिंसा अने मांसभक्षण विश्वव्यापी बनी गयुं हतुं, तेथी सर्वथा रोकवुं अशक्य हतुं, माटे समयज्ञ मनुए अल्पकालिक धार्मिक प्रसंगमां मांसभक्षण बतावी दीर्घकालिक सकल मांसभक्षणने निषेध्युं हतुं, आथी स्पष्ट थयुं के मांसभक्षणनो त्याग करवो एज मनुनो अभिप्राय छे.

विरोधपरीहारक द्वितीय चेष्टानी अनुचितता:—

मांसभक्षणने त्याग कराववानोज जो मनुनो अभिप्राय होत तो एटलुंज कहेवुं जोइतुं हतुं के धार्मिक प्रसंगमां इच्छा न होय तो न पण करो, परंतु ते सिवायना प्रसंगमां तो खावुं कल्पे ज नहि. आम न कहेतां मनुए भार मूकीने जणाव्युं छे के धार्मिक प्रसंगमां जो मांसभक्षण न करे तो महादोषने पामे छे. जुओः—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यथाविधि नियुक्तस्तु, यो मांसं नात्ति मानवः ।
स प्रेत्य पशुतां याति, संभवानेकविंशतिम् ॥ मनुस्मृति, अ. ५ श्लो. ३५ ॥

यज्ञमां अथवा श्राद्धमां शास्त्रोक्त विधि प्रमाणे निमन्त्रण करायेल मानव जो मांस-भक्षण न करे तो तेने मरीने एकविंश वार पशु ज्ञातिमां उत्पन्न थवुं पडे छे. आ मनुनां वचनो बतावे छे-के धार्मिक प्रसंगमां तो इच्छा हो या न हो तो पण अवश्य मांस खावुं जोइए, जो नहीं खाव तो मरी एकवीश वार पशु थशो ।

विरोधपरीहारनी तृतीय चेष्टाः—

" न मांसभक्षणे दोषः" आ वाक्यथी शास्त्रीय मांसभक्षण जे निर्दोष बतावेल छे ते गृहस्थाश्रमने माटे छे, अने " निवृत्तिस्तु महाफला " ए वाक्य वडे जे मांसभक्षणनी निवृत्ति बतावी छे ते संन्यासाश्रमने माटे छे. हवे अहींया गृहस्थाश्रममां जे मांस भक्षणनी प्राप्ति छे तेनो सन्यासाश्रममां निषेध थाय छे माटे " प्राप्तिपूर्वको हि प्रतिषेधः" प्राप्ति पूर्वक ज निषेध होय ए वाक्यनो पण विरोध आवतो नथी, तथा गृहस्थाश्रममां रहेल मानवीने धार्मिक प्रसंगे मांसभक्षण करवुं जोइए अने करे. आम मानवाथी विधिमार्ग सचवाई रहे छे तथा सन्यासाश्रममां मांसनो त्याग करवाथी निवृत्तिमार्ग पण सचवाइ रहे छे. आमां कोइ पण जातना विरोधने अवकाश रहेतो नथी ।

विरोधपरीहारक तृतीय चेष्टानी अनुचितताः—

आ उपर्युक्त समाधानमां एक महान् दोष आवे छे ते ए के " न मांसभक्षणे दोषः " आ वाक्य टकी शकतुं नथी कारण के जे मानवी प्रव्रज्या पदवी मेळववाने माटे कमनसीब छे तेने तो शास्त्रीय मांस खावुं ज पडशे अने तेथी मांस-निवृत्तिनो जे महालाभ ते मेळवी शकवा ते भाग्यशाळी बनी शकशे नहि. माटे मांसभक्षणनी निवृत्तिथी जे महालाभ मेळववानो हतो ते ज मेळवी शकातो नथी ए ज मोटो दोष छे. पछी बीजा दोषनी गवेषणानी पण शी जरूरत छे ?

हवे आ विषयना विशेष उंडाणमां नहीं उतरता आ प्रस्तुत विषयने उपसंहारी अमो एटलुं ज जणाववा मांगीए छीए के मनुस्मृतिए धार्मिक प्रसंगने उद्देशीने मांसभक्षणने ज्यारे अग्र स्थान आपेल छे त्यारे दिगम्बर लेखके उपमाने अस्थाने योजी छे एम जे अमो जणावी गया छीए ते व्याजबी छे.

दिगम्बर लेखकना लखाणमांथी पूर्वे तारवेली द्वितीय वस्तुमां अमने कांइ कहेवा जेवुं रहेतुं नथी. त्रिजी वस्तुमां लेखके जणाव्युं हतुं जे "श्वेताम्बर दर्शनना केटला एक ग्रन्थोमां कोइ कोइ स्थळे मांसभक्षणनी पुष्टि करेल छे." आ हकीकत पण तद्दन सत्यथी वेगळी छे. श्वेताम्बर दर्शनना कोइ पण शास्त्रे कोइ पण स्थळमां मांसनी पुष्टि करी ज नथी. आ संबन्धमां दिगम्बर लेखके आपेला पाठो मीमांसा पूर्वक अमो आगल बतावीशुं. (अपूर्ण)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈનો અને સત્ત્વગુણ

લેખક–શ્રીયુત શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીયા

જૈન શાસ્ત્રના પરિપકવ જ્ઞાનના અભાવે કેવી વિચિત્ર વાતો વાંચવા મળે છે!

'યોગ દિવાકર' નામનું એક યોગનું પુસ્તક છે. તે યોગના અભ્યાસી માટે આશીર્વાદરૂપ છે. કારણ કે યોગ માર્ગની તેમાં લેખક મહાશયે ઘણી છણાવટ કરી છે. પરંતુ સાથે સાથે તે મહાશયે કોઇ કોઇ સ્થળે જૈન ધર્મ સંબંધી ઉલ્લેખ કરેલ છે, તે કેવો અસંબદ્ધ અને હાંસી ઉપજાવે તેવો છે તે આ નીચેના લખાણથી વિચારક વાચક બંધુઓને સ્ફુટ થયા સિવાય રહેશે નહિ.

'યોગ દિવાકર'ના લેખક મહાશયે યોગ દિવાકરના ૬૭મા પાને નીચે પ્રમાણે લખાણ આલેખ્યું છે :–

"જૈન લોકો કહે છે કે માત્ર તમોગુણ અને રજોગુણ છે. તમોગુણને અધર્મ અને રજોગુણને ધર્મ એમ તેઓ માને છે. જેટલું જેટલું આ ચલન વલન છે, તેટલું તેટલું બધું આવા ધર્મમાંથી ઉત્પન્ન થાય છે. અને જેટલી જેટલી સ્થિરતા અને સ્તબ્ધતા જોવામાં આવે છે તેટલી તેટલી અધર્મથી ઉત્પન્ન થાય છે એવો જૈનોનો સિદ્ધાંત છે."

વળી બીજે સ્થળે ૭૧મા પાને નીચે પ્રમાણે આલેખે છે, જે ઉપર્યુક્ત લખાણથી વિરોધ સૂચવે છેઃ–

"જૈન લોકો તો કહે છે કે કર્મથી કરીને આત્માનો બંધ થાય છે. તે કર્મ આત્માને માત્ર વળગી રહ્યું હોય છે. અથવા તો તેનો લેપ આત્મા ઉપર ચઢેલો હોય છે. અથવા આત્મા અને કર્મ એ બન્નેનો મળી એક મિશ્ર ગોળો બનેલો જ હોય છે. તપ કરવાથી આત્મા તેમાંથી મુક્ત થાય છે. આ તપ જાણે કર્મને હળવે હળવે ધોઇ નાંખે છે. એનું નામ નિર્જરણા અથવા તો આત્મા ઉપર કર્મનો લેપ ચડવા દેવો નહીં એનું નામ સંવર."

જૈન દર્શનના પુસ્તકના આધારે ઉપર્યુક્ત પ્રથમ ફકરો લખ્યો હોય તેમ લાગતું નથી. તે જૈનધર્મના ઉપલકીઆ જ્ઞાનને આભારી છે. તે આ નીચે જણાવેલ બાબતો ઉપરથી સ્પષ્ટપણે સમજાશે.

બીજા ફકરામાં લેખક મહાશયે જણાવ્યું છે કે "સંવર તત્ત્વ" જૈનો માને છે. હવે જો સંવર તત્ત્વનું યથાર્થ જ્ઞાન લેખક મહાશયે મેળવ્યું હોત તો સત્ત્વગુણનો અભાવ જૈન દર્શનમાં બતાવ્યો છે તે કહેવાનું કારણ રહેત નહિ.

સંવર એટલે જે આવતા કર્મને રોકે તે સંવર. સંવરના–૫ સમિતિ, ૩ ગુપ્તિ, ૨૨ પરિષહ, ૧૦ યતિધર્મ, ૧૨ ભાવના અને ૫ ચારિત્ર; એમ સર્વ મળી ૫૭ ભેદ થાય છે. સંવર તત્ત્વ ચારિત્રનું પોષક છે. ચારિત્ર એટલે સ્વસ્વભાવમાં રમણતા. હવે જેમાં આત્મતમન્ના રહેલી હોય તે સત્ત્વગુણ વિહોણું કેમ કહી શકાય? સત્ત્વગુણ એટલે ચિત્તમાં પ્રકાશ કરે તે. આત્મજ્ઞાનથી જ ચિત્તમાં પ્રકાશ થાય છે. તો પછી સત્ત્વગુણ જૈનો માનતા નથી, તે લખાણ તેમના બીજા ફકરાથી જ ખોટું માલુમ પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ જૈનો ષડ્ દ્રવ્ય માને છે તેમાંનાં બે દ્રવ્ય છે. અને તે અરૂપી દ્રવ્યો છે. રજસ્ અને તમસ્ જે ચિત્તની વૃત્તિઓ તેની સાથે તેનો મેળ સાધ્યો છે તે પણ હાસ્યાસ્પદ લાગે છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય તે અરૂપી દ્રવ્યો છે. અને પાણી જેમ માછલાને સંચાર કરવાને અપેક્ષાકારણ છે, વટેમાર્ગુને ઝાડ વિશ્રામ આપવામાં જેમ અપેક્ષાકારણ છે તેવી રીતે અનુક્રમે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય જીવ તથા પુદ્ગલને ગતિ તથા સ્થિતિ આપવામાં અપેક્ષાકારણ છે. જીવ તથા પુદ્ગલમાં જે હલન્ ચલન્ અને સ્થિતિ થાય છે તે તેમાંથી (ધર્મ અને અધર્મમાંથી) મળતાં નથી. તેઓ તો અપેક્ષાકારણ છે, બાકી શક્તિ તો જીવ અને પુદ્ગલની છે. અને જે અરૂપી હોય તે રૂપીને આપી પણ શી રીતે શકે? જેથી રજસ્ અને તમસ્ ગુણ સાથે તેમનો જે ધર્મ અને ધર્મીપણાનો સંબંધ લેખક મહાશય બતાવે છે તે જૈનશાસ્ત્રના જ્ઞાનનું અજ્ઞાનપણું સૂચવે છે.

વળી જૈનધર્મનો પાયો અહિંસા ધર્મ પર રચાયો છે અને અહિંસા તે ચોકખો અધ્યાત્મવાદ છે. તો પછી જૈનો સત્ત્વગુણને માનતા નથી એમ માનવું એ કેવળ બાલીશતા છે.

જૈનોનો "સમ" શબ્દ તો જગત જાણીતો છે. એ શબ્દ શું સૂચવે છે? સમ-શાંતિ વડે વિષય કષાયાદિ પ્રમાદને પરિહરવાથી આત્મશુદ્ધિ થાય છે. હવે આત્મશુદ્ધિને ડગલે ને પગલે જે ધર્મમાં સ્થાન હોય, ત્યાં સત્ત્વગુણની ખામી ગણવી એ કેવી વિચિત્રતા છે?

બૌદ્ધો ક્ષણિકવાદને માનનારા છે. તેઓ આત્માને ન માને તો ચાલી શકે, પરંતુ આત્માને જ્યાં સ્થાન હોય વળી "**अप्पा सो परमप्पा**" આત્મા એ જ પરમાત્મા છે એવું જ્યાં મનાતું હોય તે સત્ત્વ ગુણ વિના કેમ સંભવી શકે? તેવો વિચાર જ બુદ્ધિબહારનો લાગે છે. જૈનો તો માને છે કે સમભાવી આત્માઓ દેવો કરતાં પણ અધિક સુખ આમુષ્મિક દુનિયામાં ભોગવે છે. બૌધ્ધોની પેઠે બધું દુઃખમ્ દુઃખમ્ માનતા નથી. આ સત્ત્વ ગુણ વિના કેમ સંભવી શકે?

બૌધ્ધો નિવૃત્તિ માર્ગના પ્રરૂપક છે, એમ ધારી જૈનો પણ એકલા નિવૃત્તિ માર્ગને કથન કરનારા છે, એવું કેટલાક સનાતન વિદ્વાનોનું માનવું થાય છે. પરંતુ તેઓ તેમાં ભૂલ ખાય છે. વૈદિક ધર્મની પરંપરા જેમ પ્રવૃત્તિ અને નિવૃત્તિ ઉભય માર્ગની પ્રરૂપક છે, તેમ જૈનધર્મ પણ પ્રવૃત્તિ અને નિવૃત્તિ માર્ગનો સદાનો પ્રરૂપક છે. જૈન શાસ્ત્રો સ્થળે સ્થળે ઘોષણા કરે છે કે **ज्ञानक्रियाभ्यां मोक्षः** જ્ઞાન અને ક્રિયા ઉભયના સાહચર્યથી જ મોક્ષ થાય છે. ક્રિયા જ્ઞાન વિના અંધ છે, અને જ્ઞાન ક્રિયા વિના પાંગળું છે. આમ પરસ્પર ઉભયના યોગે જ મોક્ષ મળે છે, એમ લખી પ્રવૃત્તિ અને નિવૃત્તિ માર્ગ બતાવ્યો છે. વળી જૈનો જે વ્યવહાર અને નિશ્ચય દૃષ્ટિ પ્રરૂપે છે, તે પણ પ્રવૃત્તિ અને નિવૃત્તિ માર્ગનું આરોપણ કરે છે. માટે યોગ દિવાકરના વાચક બંધુઓ ઉપરની બીના સમજીને સુધારશે અને જૈનધર્મ સંબંધી સત્ય વિચાર સમજશે એવી આશા છે. કોઇ ધર્મ માટે લખવું, તેની આ સ્વાતંત્ર્ય યુગમાં દરેકને છુટ છે. પણ તેના અભ્યાસના પરિપક્વપણાથી લખ્યું હોય તો કોઇને પણ કદી અન્યાય કે નુકશાન થવાનો સંભવ રહે નહિ, અને તો જ લખવાનો આશય સફળ થઇ શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરમાર્હત મહાકવિશ્રી ધનપાલનું આદર્શ જીવન

લેખક—મુનિરાજ શ્રી સુશીલવિજયજી

( ગતાંકથી ચાલુ )

## ભીષ્મ-પ્રતિજ્ઞાનો અમલ; શોભને કરેલો સ્વીકાર!

[ પ્રતિજ્ઞા એ આંતરબળની દિવ્ય પ્રભા છે. ]

દિવસો પર દિવસો અને વર્ષોનાં વર્ષો વ્યતીત થવા લાગ્યાં, છતાં પણ ઉપકારી સૂરીશ્વરના ઉપકારનો બદલો વાળવાની ભાવના સર્વદેવના હૃદયકમલમાં જાગતી જ હતી. અને પોતે કરેલ ભીષ્મ-પ્રતિજ્ઞાનો આજ સુધી અમલ થયેલો નહીં હોવાથી અન્તઃકરણ નિરન્તર આઘાતથી વ્યાપ્ત રહેતુ હતું; તે વાત હૃદયમાં લાગેલા શલ્યની માફક સાલ્યા કરતી હતી. વળી હજુ સુધી એ ભીષ્મ-પ્રતિજ્ઞાની વાત પોતાના કુટુંબ-પરિવારને તેણે કરી ન હતી, કારણકે પોતાના પુત્રો મહામીથ્યાત્વી, રાજ્યના માનીતા, વિદ્યારૂપી અભિમાનના શિખરે પહોંચેલા, ધનવાન-પૈસાપાત્ર હોવાથી પોતાની પ્રતિજ્ઞાનો કોઇ પણ રીતે નિર્વાહ થઇ શકવાનો તેને સંભવ લાગતો ન હતો. બીજી બાજૂ અવસ્થાના કારણે દિવસે દિવસે સર્વદેવનો જીવનદીપક ઝાંખો થઇ રહ્યો હતો, શરીર ક્ષીણ થવા લાગ્યું હતું, વિશાળ આંખો ઊંડી ઉતરવા લાગી હતી, અવયવો ધ્રૂજવા લાગ્યા હતા; અને તે રીતે મૃત્યુદેવના ઘંટાનંદો આછા આછા સંભળાવા લાગ્યા હતા.

એક દિવસ, આવું કરૂણ દૃશ્ય જોતાં, સમગ્ર પૃથ્વી મંડલને પ્રકાશ કરનારો સૂર્યદેવ પણ જાણે દુઃખી થયો હોય તેમ પોતાનાં સુવર્ણમય કિરણોને સંઘરી અસ્તાચલ પર્વત તરફ પ્રયાણ કરી ગયો હતો. રાત્રિનો અંધકાર વધતો જતો હતો. ચીબરી ને ઘુવડ જેવાં હિંસક પ્રાણીઓ પોતપોતાના ભક્ષની શોધખોળ કરી રહ્યાં હતાં. દિવસના પરિશ્રમથી થાકી ગયેલાં કે રાત્રિના અંધકારથી ભયભીત થયેલાં પશુ-પક્ષિઓ સૂર્યનારાયણનો અસ્ત થયેલો જાણી, પોતપોતાના માળાઓમાં-નિવાસ સ્થાનોમાં-પ્રયાણ કરી ગયાં હતાં. સૂર્યવિકાસી કમલોએ પોતાને જીવન અર્પનાર સૂર્યને અલોપ થયેલો જોઇને પોતાની દેહકલિકાને સંકોચાવી દીધી હતી. પ્રભુભકિતના ઉપાસકો, આત્મલીન પુરૂષો, અધ્યાત્મ યોગીઓ, પ્રભુભજનની અન્દર તન્મય થઇને અધ્યાત્મ રસનું પાન કરી રહ્યા હતા. બીજી બાજૂ નીબીડ અંધકારનો નાશ કરવા ચંદ્રમા પોતાનાં રૈપ્યમય કિરણો વડે પૃથ્વીમણ્ડલને ઉજ્જવલ-ધવલ બનાવી રહ્યો હતો. આકાશ-મણ્ડલમાં તારાઓ ઝગમગી રહ્યા હતા. ચંદ્રને પ્રકાશમાન થયેલો જોઇને ચંદ્રવિકાસી કમલો વિકસ્વર-પ્રફુલ્લિત થઇ રહ્યાં હતાં. આ રીતે ધારાનગરી ચંદ્રના રૂપેરી અજવાળામાં સ્નાન કરી રહી હતી. અને સમસ્ત નગરીમાં શાન્તિનું સામ્રાજ્ય ફેલાઇ ગયું હતું.

આ વખતે માત્ર સર્વદેવનું ઘર જ શોકપૂર્ણ દશામાં મગ્ન હતું. સર્વદેવ મરણ પથારીએ પડયો હતો અને તેનો અંતરાત્મા અત્યન્ત આકુળ-વ્યાકુળ થઇ રહ્યો હતો. તેનું તેજભર્યું વદનકમલ શોકમય બની ગયું હતું. તેનો કુટુંબ પરિવાર તેની ચારે તરફ વીંટાઇ ગયેલો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના પિતાની અસ્વસ્થ મનોદશા જોઇને તે વખતે તેના બન્ને પુત્રોએ કહ્યું કે—"હે તાત, આપના સ્ફટિકવત્ નિર્મલ અન્તઃકરણમાં કાંઇક શલ્ય હોય એવું ભાસે છે. આપ જે કંઇ હોય તે સત્વર નિવેદન કરો! અમે પ્રાણના ભોગે પણ આપના શલ્યને નિર્મૂલ કરીશું. પોતાના પૂજ્ય પિતાની પ્રતિજ્ઞાની ખાતર રામચંદ્રે બાર વર્ષ વનવાસ સ્વીકાર્યો હતો અને અસહ્ય દુઃખો સહન કર્યાં હતાં. ભીષ્મપિતામહે પૂજ્ય પિતાની આજ્ઞા ખાતર જીવન પર્યંત બ્રહ્મચર્યનો સ્વીકાર કર્યો હતો અને આખી જીંદગી એમાં જ પસાર કરી હતી. તો હે પૂજ્ય, અમે પણ આપના વચનને શિરસાવંદ્ય કરવાને તૈયાર જ છીએ."

પુત્રોનાં આવાં મધુર વચનોથી સર્વદેવના હૃદયમાં કંઇક શાંતિ વળી. પોતાની ભીષ્મ-પ્રતિજ્ઞા પૂર્ણ થવાની તેને સંભાવના લાગવા લાગી. તેના શરીરમાં નવું ચેતન સ્ફુરવા લાગ્યું. અને મનોભૂમિ પર છવાયેલ નિરાશાનું વાદળ દૂર થતું લાગ્યું. તેણે કહ્યું—"હે વત્સો, મેં કરેલ ભીષ્મ-પ્રતિજ્ઞાનો અદ્યાવધિ અમલ થયેલો નહિ હોવાથી મારૂં હૃદય સદા આઘાતથી વ્યાપ્ત રહે છે અને આત્મા ઘણો જ મુંઝાય છે. માટે મને એનાથી મુક્ત કરો કે જેથી મારો આત્મા સુખસમાધિ પૂર્વક પરલોક પ્રયાણ કરે!"

આ સાંભળી જ્યેષ્ઠ પુત્ર ધનપાલે કહ્યું—"હે તાત, એવું તે શું છે?"

સર્વદેવે નિઃસાસા પૂર્વક જણાવ્યું—હે પુત્ર! મેં કરેલ ભીષ્મ-પ્રતિજ્ઞાનું અવશ્ય પાલન કરવાનું જ છે, કિન્તુ પાળવામાં યે કલંક છે ને નહિ પાળવામાં યે કલંક છે.

"આપે ભીષ્મ-પ્રતિજ્ઞા કોની સમીપે કરી છે?"

"જૈનાચાર્ય મહેન્દ્રસૂરિની પાસે." પિતાએ જવાબ આપ્યો.

"તેમની સાથે આપને શો પ્રસંગ પડયો?"

"હે ધનપાલ, ખાસ કુટુંબ વગેરેની ઉન્નતિ—વૃદ્ધિ ખાતર! આપણાં બાપદાદાઓ સમર્થ વિદ્વાન હતા. રાજ્યના માનીતા હતા. ચૌદે વિદ્યામાં નિષ્ણાત હતા. તેઓએ પોતાની વિદ્વત્તાથી ઘણું જ દ્રવ્ય ઉપાર્જિત કર્યું હતું. તેઓની સંપત્તિ-વિભૂતિ ઘણી જ વિશાળ હતી. તે દ્રવ્ય ક્યાં દાટેલ છે, ક્યાં રાખેલ છે, કે કોને આપેલ છે, તેની મે ઘણી જ શોધખોળ કરી, પણ તેનો પત્તો લાગતો જ ન હતો. તેનો પત્તો એ જૈનાચાર્ય મહેન્દ્રસૂરિએ[1] આપ્યો છે. અને તેમણે દેખાડેલ સ્થાનમાંથી ખોદાવતાં ચાળીસ[2] લાખ (૪૦૦૦૦૦૦) ટંક સુવર્ણ નીકળ્યું છે. તેથી આપણી સંપત્તિ ઘણી જ વિસ્તીર્ણ બની છે. આ રીતે તે સૂરીશ્વરે આપણા કુટુંબ પર મહાન ઉપકાર કર્યો છે, એટલું જ નહિ પણ વેદ વગેરેમાં ઉત્પન્ન થયેલા જે સંશયો સ્મૃતિ, શ્રુતિ, ધર્મશાસ્ત્ર, વ્યાકરણ, ન્યાય વગેરેમાં

---

૧ **महेन्द्रसूरयो यैस्ते, द्रव्यमीदृक् प्रदर्शितम् ॥ ३९ ॥ प्र० म० प्र०**

૨ પં. પ્રભુદાસ બેચરદાસે તિલકમંજરી પરથી બનાવેલ "તિલકમંજરી કથા સારાંશ"માં જણાવ્યું છે કે—સર્વદેવને મહેન્દ્રસૂરિએ બતાવેલ સ્થાનમાંથી ચોરાશી લાખ (૮૪૦૦૦૦૦) સોનૈયા નીકળ્યા છે. અને મેં જે ચાળીશ લાખ (૪૦૦૦૦૦૦) ટંક સુવર્ણ નીકળ્યાનું જણાવ્યું છે તે ચન્દ્રપ્રભુસૂરિએ રચેલ સંસ્કૃત ગાથાના આધારે લખેલ છેઃ—

"**चत्वारिंशत्सुवर्णस्य टंकलक्षा विनिर्ययुः**" ॥२८॥ **प्र० म० प्र० पृ० २२६**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયેલી જે ભ્રમણા તે સર્વનો સચોટ પ્રત્યુત્તર આપીને મને દિગ્મૂઢ કરી દીધો છે. માટે હે પુત્ર, મેં કરેલ ભીષ્મ–પ્રતિજ્ઞાનું અવશ્ય પાલન કરવાનું છે"

"અલબત્ત, આપે શું પ્રતિજ્ઞા કરી છે?"

"સંપત્તિનો અર્ધો ભાગ આપવાની."

"આપી દો, તેમાં આટલી બધી વ્યગ્રતા શા માટે? સંપત્તિમાંથી અર્ધ ભાગ આપી દેવો, શું એ જ બડીભારી મુશ્કેલી છે?"

"તેઓ કંચનકામિનીના સર્વથા ત્યાગી હોવાથી ધન દોલતને સ્વીકારવાની, તેને સ્પર્શ સુદ્ધાં કરવાની, ના પાડે છે. મેં તેમને જણાવ્યું હતું કે હે વિબુધ શિરોમણિ, પ્રાણાંતે પણ હું મારી પ્રતિજ્ઞાનો ભંગ કરવાનો નથી. પ્રથમ આપ સંપત્તિનો અર્ધ ભાગ સ્વીકારી લ્યો, ત્યારબાદ આપને ઉચિત લાગે તેમ કરજો. એટલે છેવટે સૂરિજીએ જણાવ્યું કે–હે ભદ્ર, અમે કોઇ પણ હિસાબે સ્વીકારવાના જ નથી. છતાં પણ જો તમને પ્રતિજ્ઞાનો ભંગ નડતો હોય તો તમારા ઘરમાં સારરૂપ પુત્રો છે, તેમાંથી એક પુત્ર આપો, એટલે તમારી પ્રતિજ્ઞા પૂર્ણ થાય. મેં અત્યંત દુઃખિત હૃદયે, અશ્રુ પૂર્ણ લોચને, એનો પણ સ્વીકાર કર્યો. અને આ પ્રમાણે પેટ ચોળીને શૂળ પેદા કર્યું છે. હવે તે ઘણું જ અસહ્ય થઇ પડયું છે. માટે હે મારા વહાલા પુત્રો, તમારા બેમાંથી એક જણ મને આ મહાન ભીષ્મ પ્રતિજ્ઞામાંથી મુક્ત કરો! અર્થાત્ જૈન દીક્ષાને અંગીકાર કરો, એટલે મારો આત્મા સુખ સમાધિ પૂર્વક મરણને શરણ થાય!"

પોતાના પિતાના આ અન્તિમ શબ્દ સાંભળતાં જ બુદ્ધિનિધાન એવો ધનપાલ ક્રોધાયમાન થઇને કહેવા લાગ્યો:[૧] "હે તાત, વૃદ્ધાવસ્થામાં તમારી મતિ ભ્રષ્ટ થઇ ગઇ લાગે છે. સ્પર્શને પણ અયોગ્ય, મલીન, મહાધૂર્ત અને આપણા ધર્મના દ્વેષી એવા સાધુઓ પાસે જઇ શું કુળનું નામ બોળવું છે? આપણા ચતુર્થવેદી વડવાઓ–પૂર્વજો કે જેમની કીર્તિ આજ સુધી ઉજ્જવલ રહી છે, તેને શું બટ્ટો (કલંક) લગાડવો છે? ચારે વેદમાં નિષ્ણાત એવા આપણા ચતુર્વેદ વેદી વડવાઓ દરેક કરતાં ઉંચ્ચ ગણાય છે. વિદ્વત્તા અને અનુષ્ઠાનોને લીધે સાંકાશ્યમાં[૨] કેટલા પવિત્ર ગણાય છે? શું તે તમે નથી જાણતા? તુચ્છ સંપત્તિ ખાતર આ અકાર્ય!

શ્રી. મુંજરાજે પુત્ર તરીકે મને સ્વીકારેલ, શ્રી. ભોજરાજનો હું બાળમિત્ર,[૩] મારી પ્રતિષ્ઠા, ચુસ્ત વૈદિક રાજા ભોજનો સમ્બન્ધ; આ સર્વનો મારે વીચાર કરવો જોઇએ. તમારા એકની ખાતર[૪] સર્વ પૂર્વજોને શું નરકમાં નાખવા? સત્પુરૂષોને નિંદનીય એ કુવ્યવ-

---

૧ कोपगर्भं तदाह श्री धनपालो धियांनिधिः॥ प्र. म. प्र.

૨ संकाश्यस्थानसंकाशा वयं वर्णेषु वर्णिताः॥
चतुर्वेदविदः सांगपारायणभृतः सदा ॥ ४३ ॥ प्र. म. प्र.

૩ तथा श्रीमुंजराजस्य, प्रतिपन्नसुतोऽभवत् ॥
श्रीभोजबालसौहार्द-भूमिर्भूमिसुरो ह्यहम् ॥ ४४ ॥ प्र० म० प्र०

૪ एकस्त्वमृणतो मोच्यः पात्याः, सर्वेऽपिजनाः ॥
इमं कुव्यवहारं नादास्ये सज्जननिंदितम् ॥ ४६ ॥ प्र० म० प्र०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હારનો હું કદાપિ સ્વીકાર કરવાનો નથી. તમને ફાવે તેમ કરો. મારાથી કશું થઇ શકે તેમ નથી.

મોટા ભાઇની વાત સાંભળીને એ વખતે શોભનની આંખમાં નવીન ચેતન સ્ફુરવા લાગ્યું. તેનો અંતરાત્મા કોઇ અજબ આનંદની મસ્તીમાં ડોલવા લાગ્યો. પોતાના જીવનનો ઉદય કાળ થતો માની નવીન પ્રભાતની લ્હેરો જાણે અનુભવતો હોય એમ સસ્મિત વદને, હર્ષ પૂર્ણ હૃદયે તે પોતાના પૂજ્ય પિતાને કહેવા લાગ્યો કે—હે તાત, હું પ્રાણના ભોગે પણ આપે કરેલી ભીષ્મ-પ્રતિજ્ઞાનું પાલન કરીશ. હું જૈન દીક્ષાને અંગીકાર કરવાને માટે તૈયાર જ છું! આપ નિશ્ચિંત રહો! કોઇ જાતની ચીંતા કરશો નહીં!

## સર્વદેવનું પરલોકમાં સિધાવવું

પોતાનો જીવન દીપક ઓલવાઇ જતાં પહેલાં પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ થવાથી સર્વદેવ સંતુષ્ટ થયો, તે બોલ્યો. " બસ બેટા! બસ! તને શાબાશ છે, તેં આજ તારા પિતાનું મૃત્યુ સુધાર્યું. પુત્ર હો તો આવો જ હજો!"

આ પ્રમાણે બોલતાં બોલતાં સર્વદેવની ચક્ષુઓમાં હર્ષનાં આંસુ વહેવા લાગ્યાં: તેનો અન્તર આત્મા પ્રફુલ્લિત થવા લાગ્યો. તેણે પુત્ર શોભનને બાથમાં લઇ ગાઢ આલિંગન આપી ચુંબન[1] કર્યું અને તેનો સંતુષ્ટ થયેલો આત્મા સુખ સમાધિ પૂર્વક પરલોકમાં સીધાવી ગયો.

સ્વજન વર્ગ અગ્નિસંસ્કારાદિ કરી નિવૃત્ત થયો.

( અપૂર્ણ )

---

१ श्रुत्वेति सर्वदेवश्च, तं बाढं परिषस्वजे ॥ प्र० म० प्र०
इत्याकर्ण्य तदा विप्र आनंदाश्रुपरिप्लुतः ॥
उत्तस्थौ गाढमाश्लिष्य मूर्ध्नि चुम्बितवान् सुतम् ॥ ६५ ॥ प्र० म० प्र०

પૂજ્ય મુનિરાજોને વિનંતિ કરવાની જે આપના વિહાર દરમ્યાન આપના બદલાતા સરનામાના સમાચાર દરેક અંગ્રેજી મહિનાની બારમી તારીખ પહેલાં મોકલાવશો જેથી અંક ગેરવલ્લે ન જતાં વેળાસર મળી શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીર વિક્રમસી

## [ શ્રી. શત્રુંજય ઉપરના વિમલવસહીમાંના એક પાળિયાનો ઇતિહાસ. ]

લેખક: **શ્રીયુત ચીમનલાલ ચત્રભુજ બેલાણી.**

**ઉનાળાનો** દિવસ હતો. બપોરના બારેક વાગ્યા હશે. ધોમ તડકો તપ્યો હતો. તેવા સમયે એક મજબુત બાંધાનો જુવાન માથે લુગડાની ગાંસડી અને હાથમાં ધોકો લઇ, પોતાના ધંધામાં મસ્ત એવો જાણે કોઇની પણ પરવા ન હોય તેમ, નીડરપણે છાતી કાઢીને ઉઘાડા ડીલે નદી તરફથી ચાલ્યો આવતો હતો. ઘેર આવીને, માથેથી ગાંસડી ઉતારી હાથમાંથી ધોકો નીચે મૂકી હાશ કરીને તે નીચે બેઠો.

આ યુવાન તે કોણ? તેનું નામ વિક્રમસી. એ ન્યાતનો ભાવસાર અને સાખે ટીમાણિયો હતો. સૌરાષ્ટ્રના નંદનવન સમા અને જૈનોના મહાન તીર્થ શ્રી શત્રુંજયગિરિની છાયામાં આવેલ પાલીતાણા ગામે એ રહેતો હતો અને રંગાટનું કામકાજ કરતો હતો. પોતે બહોળો વસ્તારી હતો પણ તેને સ્ત્રી નહોતી. તેનાં ભાઇઓ અને ભાભી વગેરે કુટુંબમાં હતાં. બધાં ભેગાં રહેતાં અને સંપીને પોતાનો ધંધો કરી ગુજરાન ચલાવતાં.

હંમેશના નિયમ મુજબ આજે પણ પરોઢિયાનો ઉઠીને વિક્રમસી નદીએ ધોવા ગયેલો અને કામ પૂરું કરીને ઘેર આવ્યો હતો. શ્રમથી થાકીને લોથપોથ થઇ ગયેલો અને ભૂખ પણ કકડીને લાગેલી, જેથી હાથ પગ ધોઇ પાણીનો લોટો ભરી રસોડામાં ગયો. પણ રસોઇનું કાંઇ ઠેકાણું ન જોયું. કોઇ કારણસર આજે હજુ ખાવાનું નહોતું થયું. વિક્રમસીનો મીજાજ ગયો; ક્ષુધાદેવીથી પીડાયેલો વિક્રમસી ક્રોધના આવેશમાં આવી ગયો. તેનું મગજ હાથમાં ન રહ્યું, તે એકદમ બોલી ઉઠયો કે, આમ તે કેમ ચાલે? બપોર થયા પણ હજુ રોટલો થયો નથી, ઘેર બેઠાં આટલુંય થતું નથી, કરો છો શું? ખબરદાર, હવેથી આમ થયું તો આમ કરીશ, તેમ કરીશ, વગેરે બોલવા લાગ્યો. વિક્રમસીથી ક્રોધના આવેશમાં જરા વધુ બોલાઇ ગયું, તેથી ભોજાઇને રીસ ચડી, તેણીએ સામો પ્રતિકાર કર્યો કે; મારા ઉપર આટલું બધું જોર શાને દેખાડો છો? બહુ બળુકા હો તો જાઓને સિદ્ધાચળજીના મુકતાધાટ કરોને?

આ વખતે સિદ્ધાચળજી ઉપર મૂળનાયકજીની ટુંકમાં એક વાઘ રહેતો હતો તેની બીકને લઇને યાત્રાળુ ઉપર જઇ શકતા નહિ અને જાય તો વાઘ હેરાન કરતો અને મારી પણ નાખતો. તેથી યાત્રા લગભગ બંધ હતી. "આ વાઘની સામે પરાક્રમ કરો તો ખરા" એમ ભોજાઇએ વિક્રમસીને મેણું માર્યું.

પરંતુ વિક્રમસી સાચો વીર હતો. ખરો યુવાન હતો. તેની રગેરગમાં યુવાનીનું લોહી ઉછળતું હતું. તે ભોજાઇનું મેણું કેમ સાંખે? તેણે તરતજ સંકલ્પ કર્યો કે, વાઘને મારીને સિદ્ધાચળજીના મુકતાધાટ કરીને પછી જ ઘેર આવીશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણે નિશ્ચય કરી વિક્રમસી ઘેરથી ચાલી નીકળ્યો, રસ્તે મળતાં સ્નેહિ તથા સંબંધીઓ પણ સાથે થયાં. તેણે પોતાનો હંમેશનો સાથી (લુગડાં ધોવાનો) ધોકો સાથે લીધો હતો.

વિક્રમસી સિદ્ધાચળજીની તળેટીમાં આવીને ઉભો રહ્યો. ત્યાં રહેલા યાત્રાળુના સંઘ અને સ્નેહિ સંબંધીઓ સમક્ષ તેણે કહ્યું કે, હું ડુંગરપર રહેલા વાઘને મારવાને જાઉં છું. વાઘને મારીને ઘંટ વગાડીશ, તેનો અવાજ તમો સાંભળો તો જાણજો કે, મેં વાઘને માર્યો છે. જો ન સાંભળો તો મને મુવો માનજો. આમ કહી વિક્રમસી કેડ બાંધી ડુંગરપર ચડવાને તૈયાર થયો. ત્યાં ઉભેલા જનસમુદાયની છેલ્લી ભાવભીની વિદાય લીધી અને ડુંગર પર ચઢવા માંડ્યું, સર્વની આંખો તેના તરફ ખેંચાઇ રહી. જોત જોતામાં વિક્રમસી અદૃશ્ય થયો.

વાઘને મારવાની જેના હૃદયમાં પૂર્ણ ભાવના જાગી છે એવો વીર વિક્રમસી એક પછી એક ડુંગરનાં પગથિયાં ચઢતો જાય છે. તાપને પરિશ્રમને લઇ પરસેવાથી તેનાં કપડાં તરબોળ થઇ ગયાં હતાં. જેમ જેમ ઉપર ચઢતો જાય છે તેમ તેમ તેની ભાવના પણ વધુ ને વધુ મજબૂત બનતી જાય છે. આમ ઠેઠ ડુંગર ઉપર પહોંચી ગયો.

આ વખતે બરાબર મધ્યાન્હ થયો હતો. ઉનાળાનો તાપ એટલે શી વાત ? એ તાપથી શાંતિ લેવાને માટે વાઘ એક લિંબડાના છાંયડા નીચે આંખો મીંચી ઘોરતો હતો. વિક્રમસી ત્યાં જઇ પહોંચ્યો અને જોયું કે હાં બરાબર લાગ છે. પાસે જઇને પોતાના હાથમાંનો ધોકો બરાબર વાઘના માથાપર માર્યો. બળ હતું તેટલા જોરથી અને હિંમતથી કરેલો ઘા વાઘને બરાબર માથાની ખોપરીમાં સખત વાગ્યો. તેનું માથું ફુટી ગયું અને લોહી વહેવા લાગ્યું, તોપણ તે પશુઓનો રાજા પોતાનું વેર વાળવાને તૈયાર થયો, અને ઉભો થઇ વિક્રમસી તરફ ધસ્યો. વિક્રમસી ઘંટ તરફ દોડીને જ્યાં ઘંટ વગાડવા જાય છે ત્યાં તો વાઘનો એક પંજો વિક્રમસી પર પડ્યો. વિક્રમસી જમીનપર પટકાયો. એક બાજુ વાઘ પણ પડી ગયો. બન્નેના છેલ્લા પ્રાણ હતા. વિક્રમસીએ મરતાં મરતાં વિચાર્યું કે મારી મનોકામના પૂર્ણ થઇ છે તે નીચેના માણસો કેમ જાણશે ? લાવ ઘંટ વગાડું. એમ વિચાર કરી પોતાની પાસેનું કપડું શરીરના જખમ ઉપર મજબુત વીંટાળી લથડતો લથડતો ઉભા થઇ ઘંટ વગાડ્યો—ખુબ જોરથી વગાડ્યો. એ ઘંટના વિજયનાદે તેના છેલ્લા પ્રાણ ચાલ્યા ગયા અને મૃતદેહ જમીનપર પડી ગયો.

આવી રીતે વીર વિક્રમસીએ જીવના જોખમે વાઘને મારી સિદ્ધાચલજીની યાત્રા ખુલ્લી કરી અને યાત્રાળુઓને વાઘના ત્રાસથી બચાવ્યા, પરોપકારને માટે પોતાનું જીવન સમર્પણ કરનાર એ વિક્રમસી મરી ગયો પણ તેનું નામ આજે અમર છે.

આજે પણ તેનો પાળિયો શત્રુંજય ઉપર કુમારપાળ રાજાના દહેરાસર સામે એક નાના આંબાના ઝાડ નીચે હયાત છે. તેના ઉપર લડવૈયાને છાજે તેવો સીંદુરનો પોશાક પહેરાવેલો છે. હજી પણ તેની યાદગિરિમાં શત્રુંજયની આસપાસ વસતા ટીમાણિયા ગોત્રના ભાવસારોનાં નવ પરિણિત વર વધુનાં છેડાછેડી ત્યાં છૂટે છે તેમ સાંભળ્યું છે.

શત્રુંજય ઉપર હું જ્યારે જ્યારે જાઉં છું ત્યારે આ પાળિયાને ધારી ધારીને જોઉં છું, અને વિક્રમસીની આ વીર કથા મારી સન્મુખ ખડી થાય છે, હૃદયમાંથી ઉદ્‌ગાર નીકળે છે કે **ધન્ય વીર વિક્રમસી !**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્ણ બત્રીશી

સંપાદક : મુનિરાજ શ્રી જ્ઞાનવિજયજી.

**આ** વર્ણ બત્રીશીની હસ્તલિખિત પ્રત મંગળપુર ( માંગરોળ )ના હસ્ત લિખિત પુસ્તકોના જ્ઞાન ભંડારમાંથી મળી આવી છે. પહેલપહેલાં આ નાનકડા ગ્રંથનું નામ જોઇને " વર્ણ " શબ્દ પરત્વે અનેક તર્ક-વિતર્ક થયા! કોઇ ઐતિહાસિક મહાપુરૂષોનાં જીવનના વર્ણનને આશ્રીને આ પુસ્તકનું નિર્માણ થયું હશે કે વ્યાકરણ શાસ્ત્રને આશ્રીને ભાષાના મૂળાક્ષરોને લગતી કોઇ બત્રીશી બનાવી હશે? આ અને આવી બીજી કેટલીય કલ્પનાઓ આવી, પણ જે મૂળ વસ્તુને આશ્રીને આ ગ્રંથની રચના થઇ હતી તે વાત તો કલ્પનામાં પણ ન આવી; છેવટે ગ્રંથનું વાચન કરતાં એ વસ્તુ સ્ફૂટ થઇ અને માલૂમ પડયું કે આપણી ઘરગત્થુ ભાષામાં " અઢાર વર્ણ " જેવા પ્રયોગોમાં જે અર્થમાં આપણે " વર્ણ " શબ્દનો પ્રયોગ કરીએ છીએ તે વર્ણ અથવા ( કંઇક અંશે ) જાતિને અનુલક્ષીને આ બત્રીશી બનાવવામાં આવી છે.

સામાન્ય રીતે આપણામાં અઢાર વર્ણ હોવાની વાત પ્રચલિત છે, જ્યારે આ વર્ણ બત્રીશી નામની કૃતિની પાંત્રીશ કડિયોમાં બત્રીશ વર્ણનાં દરેકનાં લાક્ષણિક વર્ણનો આપ્યાં છે. આ વર્ણનો જોતાં, સામાન્ય રીતે ધંધાદારી કે એવી કોઇ દૃષ્ટિએ ભિન્ન ભિન્ન વર્ણોની કલ્પના કરીને આ બત્રીશીની રચના કરી હોય એમ લાગે છે.

ગુજરાતી સાહિત્યનો પરિચય ધરાવતા ભાઇઓએ નીચેની કડી અવશ્ય જોઇ હશે:—

નાનકડી નાર ને નાકમાં મોતી, પિયુ પરદેશ ને વાટડી જોતી;
ઉડાડતી કાગ ને ગણતી દાડા, એ એંધાણીએ 'નાગરવાડા."

આ બત્રીશીમાંનાં વર્ણનો પણ બીજી દૃષ્ટિનાં છતાં કંઇક આવાં જ છે. આવી રીતે દરેક વર્ણની તેના ધંધાની દૃષ્ટિએ પિછાણ કરાવતી આ કૃતિ બનાવવામાં તેના **અજ્ઞાત** કર્તાનું બુદ્ધિ-ચાતુર્ય તો જરૂર જણાઇ આવે છે.

આ કૃતિનું કવિત્વની દૃષ્ટિએ જેટલું મહત્ત્વ છે તેટલું-કદાચ તેના કરતાં વધુ-મહત્ત્વ તેની ભાષાની દૃષ્ટિએ છે. અત્યારે આપણા સાહિત્યકારો પ્રાચીન ભાષાની શોધ-ખોળમાં દિવસે દિવસે વધુ ને વધુ ઊંડા ઉતરતા જાય છે તે વખતે આવી કોઇ પણ કૃતિ તેમને માટે બહુ જ અગત્યની થઇ પડે એ સ્વાભાવિક છે.

આ બત્રીશીના કર્તા કોણ છે તે જાણી શકાતું નથી. કારણ કે બીજા ગ્રંથોમાં આપવામાં આવે છે તે રીતે આ ગ્રંથના અંતમાં એના કર્તાએ પોતાનું નામ, પોતાના ગુરૂનું નામ કે પ્રશસ્તિ આપેલ નથી. ગ્રંથના અંતમાં "**पं० भक्तिकुशलगणिनाऽलेखि विनोदाय श्रीरस्तु । छः । श्रीः ।**" માત્ર આ પ્રમાણે ઉલ્લેખ મળે છે. આ ઉલ્લેખ ઉપરથી તો એમ માલુમ પડે છે કે બીજા કોઇએ બનાવેલ આ ગ્રંથની "પં. ભકિતકુશલ ગણિએ આનંદની ખાતર નકલ કરી."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રસંગે એક આશંકા જરૂર થાય છે કે જો પં. ભક્તિકુશલ ગણિએ લખનાર તરીકે પોતાનું નામ આપ્યું તો પછી જેના ગ્રંથની નકલ કરી હોય તે ગ્રંથકારનું નામ કેમ ન આપ્યું ? આનું સમાધાન બે રીતે થાય છે: એક તો એ કે એમને પોતાને પણ ગ્રંથકારનું નામ ન મળ્યું હોય અને કર્તાના નામ વગરના ગ્રંથ ઉપરથી તેમણે નકલ કરી હોય. અથવા તો, કોઇ કોઇ હસ્તલિખિત ગ્રંથોના ઉલ્લેખોમાં મળે છે તેમ, લખનાર પોતે જ ગ્રંથના બનાવનાર હોય; એટલે કે પં. ભક્તિકુશળ ગણિએ જ આ ગ્રંથ બનાવ્યો હોય! ગમે તે હોય પણ બીજો કોઇ સબળ ઉલ્લેખ ન મળે કે બીજી કોઇ વિશેષ ઉલ્લેખવાળી પ્રત ન મળે ત્યાં લગી આ બાબતનો નિર્ણય કરવો શક્ય નથી.

આ કવિતાના "બત્રીશી" એવા નામ પ્રમાણે તેમાં બત્રીશ જ કડિયો હોવી જોઇએ છતાં આમાં વધારે કડિયો છે. પણ આવું તો કેટલીક સંસ્કૃત પ્રાકૃતની કૃતિઓમાં પણ જોવામાં આવે છે. મૂળ નામ અષ્ટક, પચ્ચીસી, બત્રીશી કે શતક હોય પણ શ્લોકસંખ્યા એ ચારની વધારે હોય.

ગ્રંથકારે પ્રારંભમાં સરસ્વતીની સ્તુતિ કરીને બીજી ગાથામાં સુવ્રતીઓ–સાધુઓ–ના નિવાસસ્થાનની ઓળખાણ આપી છે અને ત્યારપછી દરેક વર્ણનું વર્ણન આપ્યું છે. આમાં જે બત્રીશ વર્ણનું વર્ણન આપેલું છે તે આ પ્રમાણે છે :–

૧ શ્રાવક, ૨ મેશ્રી, ૩ બ્રાહ્મણ, ૪ વર્તિયા, ૫ રજપૂત, ૬ કલંબી (કણબી), ૭ કંદોઇ, ૮ પીસ્તાગીયા (કાછિયા), ૯ કુંભાર, ૧૦ વાલંદ (હજામ), ૧૧ માળી, ૧૨ સુતાર, ૧૩ ભીંસાત (ભીસ્તી–પખાલી), ૧૪ તંબોલી, ૧૫ સોની, ૧૬ ગાંછા (સુંડલા બનાવનાર) ૧૭ ધોબી, ૧૮ લુહાર, ૧૯ મોચી, ૨૦ દરજી, ૨૧ ઘાંચી, ૨૨ ગોલા (ખવાસ), ૨૩ ભવાયા, ૨૪ વેશ્યા, ૨૫ ૨૬ ( ભંગી ), ૨૬ ભીલ, ૨૭ વાઘરી, ૨૮ સરાણિયા, ૨૯ લોઢિયા, ૩૦ અંત્યજ (ઢેઢ), ૩૧ માછી અને ૩૨ ભાંડ.

આ બત્રીશીની હસ્તલિખિત પ્રતમાં એક બાજુ ઉપર વધુબે ગાથાઓ આપેલ છે તે મેં પરિશિષ્ટ રૂપે અંતમાં આપી છે તથા બીજી બે ગાથાઓ દુહા તરીકે આપી છે. છેવટનો થોડોક ગદ્ય ભાગ ગ્રંથની પુષ્પિકા રૂપે અંતમાં આપેલ છે.

આ ગદ્ય ભાગમાં ૧૮ વર્ણમાંના ૯ ને **નારૂ**, ૫ ને **કારૂ** અને ૪ ને **વારૂ**; એમ ૧૮ વર્ણને જુદી જુદી સંજ્ઞા આપી છે, તે કયા આશયથી તે સમજી શકાતું નથી.

આ બત્રીશીમાંની જુની ભાષા તેના અભ્યાસીઓને જરૂર રસ ઉત્પન્ન કરશે. આમાંના કેટલાક શબ્દો નીચે આપ્યા છેઃ–

ભારહી=ભારતી, કજિ=કાજે, તાડઉં=તજવું; તાતિકરઇ=ઠીકઠાક કરી, નઇ=અને, ચીની=પીંછી, ગોફ્ણો=ચોટલો, પાડો=પોળ–પાડોશી, ડોડિંગા=કોઠીબડાં, રેડુઆ=ઢગલા, નાંભાઢો=નીંભાડો, મુંઢઇ=મુંડવું, વણસાડો=નાશ કરવું, જાડઉ=મુખ, ગાઢો=કઠણ, તાડી=તોડવું, ખયલી=ખેળ. પયસઇ=પેસે. રકવાડો=રખેસરવાડો, તીઠર=તેતર, મનિ=મન, નિગુરા=ગુણવગરના, કુચટ=નાની, વાટિઇ=વણવું, ચિહુ=ચાર, કહઇ=કહે, છઇ=છે, દિહાડો=દિવસ, કઠઇ=કાંઇ.

જેનો અર્થ ખ્યાલમાં આવ્યો તે સામાન્ય રીતે ઉપર આવેલ છે, આ ઉપરાંત બીજા પણ ઘણાય અભ્યાસ કરવા યોગ્ય શબ્દો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ કાવ્યમાં વપરાયેલી ભાષાના બારીક અભ્યાસ ઉપરથી તેના વિશેષજ્ઞો એ કાવ્ય કેટલું જુનું હશે તેનો કંઇક નિર્ણય જરૂર કરી શકે.

પ્રાચીન ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ બનાવવામાં જૈન કવિઓ–મુનિરાજો અને ગૃહસ્થોએ ઘણો અગત્યનો ભાગ ભજવ્યો છે. પોતાના આનંદની ખાતર આવાં કેટલાંય કાવ્યોની રચના કરી છે અને સંગ્રહ કર્યો છે.

આવી અપ્રગટ કૃતિઓ પ્રસિદ્ધ કરવી અત્યારે ઘણી જ જરૂરની છે. આશા છે કે આપણા વિદ્વાનો આ તરફ અવશ્ય લક્ષ આપશે.

## વર્ણ બત્રીશી

સમરી અમરી ભારહી. બંભસુઉદહિ ભઝ;
વર્ણહ બત્રીસી રચઉં, ચિત્તવિનોદહ કઝિ. ૧

સહુઈ આવિ કરી સીસ નમાવી, ધર્મકથા સુણઈ ભદ્રક ભાવી;
દીઈ સીખામણ જીવ જીવાડઉ, એણઈ ઇંધાણઈ "સુવ્રતીવાડઉ." ૨

મારગી જાતાં જુઈ નીંચઉં, બોલ બોલતાં વચન સાચઉં;
કંદમૂલસ્યઉં માંડઈ તાડઉ, એણઈ ઇંધાણઈ "શ્રાવકવાડો." ૩

આંગણઇ નીતિ ઉગિયાં ધોતિયાં, તાતિ કરઇ પહિરઈ પોતીયાં;
કંદમૂલ નઈ વેંગણ જાડઉ, એણઈ ઇંધાણઈ "મહેસરીવાડઉ." ૪

ફાટઉં ધોતિઉં જીઈગમાં સાંધીઉં, બાંડું કરવઉં બારણઈ બાંધીઉં;
કયવલી ગાય નઈ કડીસમઉ ખાડો, એણઈ ઇંધાણઈ "બાંભણવાડઉં." ૫

વીખર્યા કેસ નઈં મોરકો ચોની, ધોકલે ધોકલે ભૂમિકા ભીની;
દાનશીલનઉ કહઈ પવાડઉ, એણઈં ઇંધાણઈ "વર્ત્તિયાવાડો." ૬

રાતડા દાંત નઈં રાતડો ચુડો, શિરિ સીંદુર નઈ ગોફણો રૂડો;
જીજી કરતાં જાઈ દિહાડો, એણઈં ઇંધાણઈં "રજપુતવાડો." ૭

રાતિં ઊઠી વિલોણું વિલોઇ, ઢોર દોહી નઈ આંગણઈ સૂઈ;
રહિંટીઉ માંડી જગાવઇ પાડો, એણઈં ઇંધાણઈ "કલંબીવાડો." ૮

માંડી મરકી નઈં ઘેવર ધારા, કરઈ સાબૂની નઈં સક્કરપારા;
તાજી સુખડી ગલાવઈ ડાઢો, એણઈ ઇંધાણઈ "કંદોઈવાડો." ૯

કારેલાં કંકોડા કોઠ કાલિંગા, ચૂંસડી તુરીયા ડોડી ડોડિંગા;
વેચવા લાવઈ ભરી કરી ગાડો, એણઈ ઇંધાણઈ "પિસ્તાગીયાવાડો." ૧૦

રાખના રેડુઆ નઈં ગદહ લીંડાં, ચાકિ ચડાવ્યા માટીનાં પીંડા;
રાસભ ભૂંકઇ નઈં લાગો નોભાંઢો, એણઈં ઇંધાણઇ "કુંભારવાડો." ૧૧

નખ આંગણઈં નઈં નીમાલા દીસઈ, લોઢાં આરીસઉ ઘાલઈ ખીસઈ:
મયલ ઉતારઈ નઈં મુંઢઈ ટાઢો, એણઈં ઇંધાણઈં "વાળંદવાડો." ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહુમહુઈ પુલ નઈં વાસના રૂડી, તિણઇ મિસિં ધાઈ બઈયરિ હુડી;
તરત મેલી દીઈ સરિખો સાંઢો, એણુઈં ઇંધાણુઈં "માલીવાડો." ૧૩

વાંસલો વીધણું સ્યારડી આડીઉં, લાકડું દીઠું તેની મેડ પાડીઉં;
સાહમા બઈસો તાણુઈં સંધાડો, એણુઈં ઇંધાણુઇં "સૂતારવાડો." ૧૪

પોઈસ પોઈસ પોકારતો આવઈ, સિંસો લિઉ લિઉ સહુનઈં જણાવઈ;
પોતઈ પૂંઠથી નઈં આગલી પાડો, એણુઈં ઇંધાણુઈં "ભીંસાતવાડો." ૧૫

પાન અંડાગર કાથો નઈં ચુનો, છયલનઇં આપઈં હુઇ જેહ ધુનો;
ભુંછ નઈં કહુઈ ખાઈ કાં વણસાડો, એણુઈં ઇંધાણુઈં "તંબોલીવાડો" ૧૬

સોનાં વાનાં ઘડઈ ઘાટ જે સારો, ઘણુંજ વરણુ હુઈ જેહ ધૂતારો;
અરૂંપરૂં કરઈ સહી આંડોવાડો, એણુઈં ઇંધાણુઈં "સોનારવાડો." ૧૭

વાંસના ખપયડા વાંસના સૂંડા, કરઈ જીસારૂં બોલઈ ભુંડા;
બઈઅરિ આગલિ ન ફાટઈ જાડઉ, એણુઈં ઇંધાણુઈ "ગાંછાવાડો." ૧૮

વસ્ત્ર પોતાનાં ન ફાટઈ નિહાલો, લુગડાં ધોતાં ધોતાં થયઉ કાલો;
હાથ કઠિન નઈં હોઆનો ગાઢો, એણુઈં ઇંધાણુઇં "ધોબીવાડો." ૧૯

કુટાકુટી ધમાધમિ માંડઈ, આગિતાણું તાં પીસું ન છાંડઈ;
ધમણિ ધમઈ નઈ લોહાસ્યુ તાડો, એણુઇં ઇંધાણુઈ "લુહારવાડો." ૨૦

ચીકણી ખયલી નઈં બણુબણઈ માખી, ચાંમડા મુકયા તે પાણીમાં નાંખી;
પહિલૂઉ બોલાવ્યો બોલઈ આડો, એણુઈ ઇંધાણુઇં "મોચીવાડો." ૨૧

ગજ કાતરણુ અંગુથલો સૂઈ, એતલાં વાનાં જસ પાસિઈ હુઈ;
સહુનઈં કહુઇ કાંઈ લુગડાં સીવાડો, એણુઇં ઇંધાણુઇં "દરજીવાડો." ૨૨

મયલાં લૂગડાં નઈં ખુરા ગંધાઈ, ઘાણુ શબ્દ સબલ સંભલાઇ;
બઉલ ખાઇ ઘાઇડી લિઈ જાડો, એણુઇ ઇંધાણુઇં "ઘાંચીવાડો" ૨૩

સામટા સહુઇ શાલિ જ ખાંડઈં, બઈયરિ માંટીનઈં જાજુંજ ભાંડઈ;
કોઈ ન પયસઈ નિવારણુઇ આડો, એણુઈં ઇંધાણુઈં "ગોલાવાડો." ૨૪

ડાઢીમૂંછ ન રાખઈ હોડીઈં, જોતાં આવઈ ખૂસિ રાગા જોડીઈ;
અમલદાર નઈં કહુઇ અમ્હનઈ રમાડો, એણુઈ ઇંધાણુઈ "ભવાઈવાડો." ૨૫

એક યુવાન જાઇ એક આવઈ, રંગીલો વેસ રંડા પણ નાવઈ;
રામતિ રંગ વિનોદ અખાડો, એણુઈં ઇંધાણુઈં "વેશ્યાવાડો." ૨૬

જબાદી કસ્તૂરી બાંદી બોલાવઈ, વસ્ત્રનો ગંધ કુણિં ન ખમાઇ;
અંત્યજ આવી દીઈ ઘરિ ડાડો, એણુઈ ઇંધાણુઇં સહી "રકવાડો." ૨૭

ફેરા દિવારઈ જીહાં જાડ અરણી, એતલઈ છઇ ઇ છોકરી પરણી;
લૂનિગુરા ધાઇ સઈ દીઇ ધાડો, એણુઇં ઇંધાણાઈં જાણો "ભીલવાડો." ૨૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુકડ તીઠર ચડાં ચીંચુ આઇ, પાપીનઈં મનિ મહિર નં થાઈ;
સર્વં વરણમાંઉં ઘનિ લાડો, એણુઈં ઈંધાણુઈ "વાગરીવાડો." ૨૯

ધોબીના કુંડનું પાણી પીઈ, અતિહિ અઘોરી વેષ વિગોઈ;
પ્રતિમા નઈ નિંદઇ ન રાખઇ ડાંડો. એણુઈં ઈંધાણુઈં "કુમતિવાડો." ૩૦

સરાણ તણાવઈ નંઇ તણ મા તે ઊડઈં, ધાર ચડાવઈ મહુ પાપિઈં બુડઈ;
વેઢિ કરઈ ઘણી ગામનો લાડો, એણુઈં ઈંધાણુઈં "સરાણીયાવાડો." ૩૧

નમાજ રોજાં ઈદ કરઈ દીવાલી, ટુંક એજાર નકો એહ ટાલી;
કુચર ડાઢી નઈં નરકન ઉડાડઉં, એણુઈં ઈંધાણુઈં "લોટીયાવાડો." ૩૨

તાણા તણતા તે હીસઈ વાટિઈં, આંગણુઈં હાડીકાં કુતરા ચાટઇ;
બારણુઈ તનસા સોમસા અઘાડો, એણુઈં ઈંધાણુઈં " અંત્યજવાડો." ૩૩

તાવડી નાખ્યાં જાલક છાંનાં, માછ ત્યાં ઉગળ્યા મોટાં નઈં નાન્હાં;
મુંઢઈ લવઈ ઘણું મારો પછાડો, એગુઈં ઈંધાણુઈં "માછીવાડો.' ૩૪

માયબાપનઈં બઈઠાં વિગોઈ, થાંઈ નિર્લજ નઈં ચિહું દિશિ જોઈ;
બોલઈં ભાંડ મુખિ કરઈં પવાડો, ઈંણુઈ ઈંધાણુઈં જાણો "ભાંડવાડો." ૩૫

વર્ણહ બત્રીસો કરી, ચિત્તવિનોદ ઉપાય;
કહઈ કવિયણ થોડી સુણી, સાંભલીઈ ઈમ થાય.

## ઇતિ વર્ણ બત્રીશી

### પરિશિષ્ટ

ચમકતિ ચાલઇ અંનઈં વીંછીઅ વાજઇ, હાથો અરીસો નઈં આંખડી આંજઈ;
આંખડી આંજતાં ગયો છઈ દિહાડો, એણુઈં ઈંધાણુઈં "વાણિયાવાડો." ૧

કરઇ ત્રણ અનઇ મુહિ......ખારઇ, એક .....કઠણ બઈઠા નકારઈ;
મંગલીક હુઇ તિહાં માંડઈ આડો, એણુઈં ઈંધાણુઈં સહિ "ભટવાડો" ૨

### દુહા

કંદોઈ કાછીઆ કુંભાર, મહંનીયા માલી સૂત્રધાર;
ભઈસાયત તંબોલીસાર, નુમો **નારૂં** સુણિ સોનાર. ૧

ગાંછા છીંપા નઈં લોહાર, મોચી ચર્મ કરઇ વ્યવહાર;
એ ચિહું ઉપરી બોલ્યાસઈ, પાંચ નાતિ એ **કારૂં** કહી. ૨

### ગદ્ય

એવં નવ **નારૂં** પાંચ **કારૂં** અનઈ ચ્યાર વર્ણ **વારૂં**
ઇણીમેલિઈં વર્ણ ૧૮ જાણવા,

पं. भक्तिकुशलगणिनाऽलेखि विनोदाय श्रीरस्तु । छः श्रीः ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# खरतर गच्छीय दो आचार्यों के रासाका

## ऐतिहासिक सार

लेखक:—श्रीयुत अगरचंदजी भंवरलालजी नाहटा

(गतांकसे पूर्ण)

बीकानेर नगर में बोथरा गोत्रीय धर्मसी साह निवास करते थे। उनकी धर्मपत्नीका नाम धारलदेवी था, दम्पति सुख पूर्वक सांसारिक सुख भोगते हुए रहते थे। सं० १६४७ वैशाख शुक्ला ७ को धारलदेवीने शुभ लक्षणवान सुन्दर पुत्र जन्मा×। पिता द्वारा नाना प्रकारके उत्सव किए जाकर शिशुका नाम 'खेतसी कुमार' रखा गया। बाल्यकाल में ही कुमार समस्त कलाओं का अभ्यास कर निपुण बन गए।

एक बार बीकानेर में खरतर गच्छाचार्य श्रीजिनसिंहसूरि पधारे। उनका धर्मोपदेश सुन वैराग्य वासित होकर कुमारने दीक्षा लेने के लिए मातापितासे आज्ञा मांगी। बड़ी कठिनता से अनुमति प्राप्त कर बड़े समारोह के साथ सं० १६५७ मार्गशीर्ष कृष्णा १०* के दिन प्रव्रज्या ग्रहण की। उनका नाम राजसीह रखा गया। तत्पश्चात् मांडल के तप कराके छेदोपस्थापनीय चारित्र दे उनका नाम राजसमुद्र प्रसिद्ध किया।

राजसमुद्रजीकी बुद्धि बड़ी कुशाग्र थी। अल्पकाल में न्याय, व्याकरण तर्क, अलङ्कार, कोष, ४५ आगम आदि पढ कर विद्वान हुए। तेरह वर्ष की अल्पावस्था में चिन्तामणि तर्कशास्त्र आगरे में पढा।

युगप्रधान श्रीजिनचन्द्रसूरिजीने सं० १६६७+ में आसाउलि में राजसमुद्रजी को वाचक पद से अलङ्कृत किया। वाचकजीने समसद्दीसिकदार को रंजित करके २४ चोरों को बन्धनमुक्त कराया। घंघाणी ग्राम में प्रगट हुई प्रतिमाओं की प्राचीन लिपि पढी। मेडता में अम्बिका देवी सिद्ध हुई। आगे संघपति रतनसी, जूठा और आसकरण के साथ तीनवार शत्रुञ्जयकी यात्रा की थी, चौथी वार देवकरण के संघ के साथ सिद्धगिरिकी स्पर्शना की।

---

×रासका प्रथम पत्र न मिलने से यहांतक का उल्लेख श्रीसारकृत "जिनराजसूरि रास" से लिया गया है।

*श्रीसारकृत रास में सं० १६५६ मा० शु० १३ लिखा है। इस रास की प्रति में भी पहिले यही मिती लिखकर और फिर काट कर उपर्युक्त मिती दी है। अन्य प्रबन्ध में सं० १६५० मा० सु० १ लिखा है।

+प्रबन्ध में सं० १६६८ का उल्लेख है। इस रास में मूल गाथा में संवत् न० किनारे पर लिखा है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वाचकजी को बड़े बड़े राजा, महाराजा, राणा और मुकरबखान नवाब आदि बहुमान देते थे। मुकरबखान ने सम्राट् के समक्ष इनकी बड़ी प्रशंसा की।

सम्राट् जहांगीर के आमन्त्रण से श्रीजिनसिंहसूरिजी बीकानेर से विहार कर मेड़ता पधारे। वहाँ सूरिजीका शरीर अस्वस्थ रहने लगा। अन्तसमय में वाचकजीने बड़ी भक्ति की और सूरिजी के श्रेयार्थ गच्छ पहिरावणी करने, ज्ञानभण्डार में ६३६००० (ग्रन्थाग्रन्थ) पुस्तकें लिखवाकर रखने, और ५०० उपवास करने का वचन दिया। सूरिजी के स्वर्गवासी हो जाने पर सं० १६७४ फा० शु० ७ शनिवार को राजसमुद्रजी को उनके पट्टपर स्थापित किया गया। संघपति आसकरणने उत्सव किया। आचार्य हेमसूरिने* सूरिमन्त्र दिया। भट्टारक श्रीजिनराजसूरि नाम रखा गया। दूसरे शिष्य श्रीजिनसागरसूरिजी को भी आचार्य पदवी दी।

कविने पदस्थापना महोत्सव करनेवाले सुप्रसिद्ध चोपडा शाह आसकरण का यह विवरण लिखा है—जिनके घरमें परम्परागत बडाई थी। शाह माला संग्राम की भार्या दीपकदे के पुत्र कचरेने बहुत धर्मकार्य किए। आसकरण के पिता अमरसी और माता अमरादेवी और स्त्री का नाम अजायबदे था। अमीपाल, कपुरचंदभाई, ऋषभदास और सूरदास नामक बुद्धिशाली पुत्र थे। संघपति आसकरण चोपड़ाने शत्रुंजय संघ, जिनालयनिर्माण, पदस्थापना महोत्सव आदि धर्मकार्य किए।

भट्टारक श्रीजिनराजसूरिको जेसलमेर के राउल कल्याणदासने विनति करके जेसलमेर बुलाए, स्वागतार्थ कुमार मनोहरदास को भेजा। भणसाली जीवराजने प्रवेशोत्सव किया। सूरिजीने चातुर्मास किया। उनके प्रभावसे वहाँ सुकाल हुआ। बहुतसे धर्मकार्य हुए। पर्यूषणा में अमरसिंह के पुत्र जींदासाहने पौषधवालोंको १ सेर खाँड और नगद रूपये की प्रभावना की। राज-कुमार मनोहरदास प्रतिदिन वन्दना करने आते, राउलजी बहुमान देते थे।

संघपति थाहरू शाह जो श्रीमाल शाह के सुपुत्र थे, लौद्रवपुर के मन्दिरों का जीर्णोद्धार कराया और सं० १६७५ मार्गशीर्ष शुक्ला १२ शुभ मुहूर्त में सूरिमहाराज से प्रतिष्ठा करवाई। कविने थाहरू शाह के धर्मकार्यों का वर्णन इस प्रकार किया है—लौद्रवपुर का जीर्ण प्रासादोद्धार, ग्रामदो में खरतर गच्छीय ज्ञानभंडार कराया, दानशाला खोली, चारों अट्ठाहियों में ४४०० जिनप्रतिमाओं की पूजा, सातों मन्दिरों में ध्वजा चढाई, गीतार्थों के पास सिद्धान्त श्रवण, त्रिकाल देवपूजा आदि धर्मकार्य करता था। लौद्रवपुर प्रतिष्ठा-समय देशान्तरों का संघ बुलाया। तीन रूपए और अशरफीयोंकी लाहण की, राउलजी को विपुल द्रव्य भेंट किया, या को

*प्रबन्ध में इन्हें पूर्णिमा गच्छीय लिखा है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



को मनोवांछित दिया, हरराज और मेघराज सहित चिरंजीवी रहे। उस समय जींदाशाह ने २००) रूपए दे कर इन्द्रमाल ग्रहण की। जीवराज भी पुत्र सहित शोभायमान था।

इसके पश्चात् अहमदाबाद के सुप्रसिद्ध संघपति रूपजी की चिठी नफरइ (डाकिया)ने लाकर दी। शत्रुञ्जय प्रतिष्ठा के लिए सूरिजी को बुलाया था। तब करमसी शाह और माल्हु अरजुन ने उत्साहपूर्वक संघ निकाला। गांव गांव में लाहण करता हुआ संघ श्रीजिनराजसूरिजी के साथ शत्रुंजय पहुंचा। युगादि जिनेश्वर के दर्शन कर संघने अपना मनुष्य-जन्म सफल किया।

अब कवि रूपजी शाह के विषय में कहता है कि अहमदाबाद के खरतर गच्छीय श्रावक सोमजी और शिवा वस्तुपाल तेजपाल की भांति धर्मात्मा हुए, जिन्होंने सं० १६४४ में शत्रुञ्जय का संघ निकाला। अहमदाबाद में महामहोत्सवपूर्वक जिनालय की प्रतिष्ठा करवाई। खंभात, पाटण के संघ को आमन्त्रित कर पहरावणी की। राणकपुर, गिरनार, सेरिसइ गौडीपुर, आबू आदि तीर्थों की संघ सहित यात्रा की, साधर्मीवात्सल्य किया। खरतर गच्छ संघ में लाहण की। प्रत्येक घर में अर्द्ध रूपया दिया। स्वधर्मीयोंको बहुत वार सोने के वेढ पहनाए। शत्रुञ्जय पर शान्तिनाथ चैत्य बनवाया। सोमजी शाह के रतनजी और रूपजी दो पुत्र थे। रतनजी के पुत्र सुन्दरदास और शिखरा सुप्रसिद्ध थे। रूपजीशाहने शत्रुञ्जय का आठवाँ ऊद्धार कराके खरतर गच्छकी बडी ख्याति फैलाई। सं० १६७६* वैशाख शुक्ला १३ को चौमुखजी की प्रतिष्ठा श्रीजिनराजसूरिजी के हाथ से करवाई। मारवाड, गुजरात का संघ आया। याचक, भोजक, भाट, चारणों को बहुतसा दान दिया।

श्रीजिनराजसूरिजी संघके साथ विहार कर नवानगर चातुर्मास किया। भाणवड में शाह चांपसी (बाफणा) कारित बिम्बों की प्रतिष्ठा की। गुरुश्री के अतिशयसे बिम्बसे अमृत झरने लगा। जिससे अमीझरा पार्श्व प्रसिद्ध हुए। मेडताके संघपति आसकरणने आमन्त्रण कर सं० १६७७+ में श्रीशान्तिनाथजी के मन्दिर की प्रतिष्ठा कराई। बीकानेर चातुर्मास कर सिन्ध देश पधारे। मुलतान, मेरेठ, फतेपुर, देरा के संघने सामैया कर प्रवेशोत्सव किया। मुलतानी संघने बहुतसा द्रव्य व्यय किया। गणधर शालिभद्र, पारिख तेजपालने संघ निकाल कर सूरिजीको देरीवर श्रीजिन-कुशलसूरिजी की यात्रा करवाई। सूरिजीने पंच पीरों को साधन किया,

[ देखो पृष्ठ १८९ ]

*शिलालेखों में गुजराती पद्धतिसे सं० १६७५ लिखा है।

+शिलालेखों में जेठ वदि ५ लिखा है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# दिगंबर शास्त्र कसे बने ?

लेखकः-मुनिराज श्री दर्शनविजयजी

( गतांक से क्रमशः )

## प्रकरण १५-आ० जिनसेन आ० गुणभद्र

मैं शुरू में लिख चुका हुं कि—दिगम्बर समाज स्त्री-मुक्ति को मानता नहीं है साथ साथमें स्त्रीओंके सम्यक् चारित्रको भी मानता नहीं है। मगर प्राचीन जैन साहित्य में तो स्त्री-चारित्रके अनेक प्रमाण उपलब्ध होते हैं। अतः इन आचार्योंने भी महापुराणमें स्त्री दीक्षाके प्रसंग यथा प्राप्त ही वर्णित किये हैं। देखिए उदाहरण:—

भरतस्यानुजा ब्राह्मी, दीक्षित्वा गुर्वनुग्रहात् ।
गणिनीपदमार्याणां, सा भेजे पूजिताऽमरैः ॥ आ० प० २४ श्लो० १७५ ॥
सुंदरी चात्तनिर्वेदा, तां ब्राह्मीमन्वदीक्षत ।
अन्ये चान्याश्च संविज्ञा, गुरो प्राव्राजिपुस्तदा ॥ आ० २४। १७७ ॥
सुलोचना व सुभद्राकी दीक्षा (आ० प० ४७ श्लो० २८८)
जिनदत्तार्यकाभ्यर्णे, श्रेष्ठीभार्या च दीक्षिता। उ० ७१। २०६ ॥
तथा सीता महादेवी, पृथिवीसुंदरीयुताः ।
देव्यः श्रुतवती क्षांति-निकटे तपसि स्थिताः। उ० ६८। ७१२ ॥

भगवान् महावीरस्वामी के संघ के साधु, आर्यिका, श्रावक और श्राविका की संख्या उत्तरपुराण, पर्व ७४ श्लोक ३७१ से ३७९ में उल्लिखित है।

यहां साधु और आर्यिका छठे गुणस्थानकवाले स्वीकृत हैं, श्रावक श्राविका पांचवे गुणस्थानकवाले हैं और इस गणनामें एलक-क्षुलक की संख्या नहीं है। अतः वे श्रावक में दर्ज माने जाते हैं, जबकि आर्यिका तो छठे गुणस्थानकमें ही स्थित है। आर्याओंमें चन्दना मुख्य है। श्लो० ३७९ ॥

सुव्रता गणिनी, गुणवती आर्या। उ० प० ७६ श्लो० १६५ से १६७ ॥

पंचम आरेकी अंतिम साध्वी सर्वश्री। उ० प० ७६ श्लो० ४३३ ॥

आ. जिनसेनके कुछ समकालीन पुन्नाटसंघीय आ० द्वि० जिनसेन (श० सं० ७०५) ने हरिवंश पुराण बनाया है। रचना कालमें करीब करीब एकता होने पर भी हरिवंश पुराण और महापुराण के कथन में भिन्नता स्पष्ट नजर आती है। जैसेकिः—

श्वेताम्बर शास्त्रोमें भ० ऋषभदेवको दो पत्नीके नाम हैं सुमंगला और सुनन्दा। जबकि महापुराण प० १५ श्लोक ७०में नाम दिये हैं यशस्वती और सुनन्दा। तथा हरिवंश पुराण सर्ग ९ श्लो० १८ में नाम लिखे हैं नन्दा और सुनन्दा। कीचक के दूसरे भवके लिये भी इन

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



दोनोंमें मतभेद है। सम्भव है कि श्वेताम्बर ग्रन्थों से दिगम्बरीय संस्करण करते समय परस्परका एक मिलान न होने के कारण ऐसी ऐसी गडबड हुइ है।

हरिवंश पुराण में भी राजीमती ( पृ ३। १३० से १३४ ) द्रौपदी ( ६३।७८ ), धनश्री, मित्रश्री, कुन्ती, सुभद्रा ( ६४।१३, १४४ ), अग्यारह अंगकी धारक सुलोचना + ( १२।५२ ) वगैरह को दीक्षाका वर्णन हैं और आर्यिका की संख्या ( १०।५१ से ५८ ) भी लिखी गइ है।*

प्रायश्चित्त ग्रंथमें साधु और आर्यिका के लिये समान प्रायश्चित्त बताया है ( इन्द्रनन्दी कृत छेद पिंड, गाथा २८९ )।

भ० इन्द्रनन्दी कहते हैं कि—आर्यिका, ग्रहस्थ व अल्पबुद्धिवाले को सिद्धांत देना नहीं (नीतिसार, श्लो० ३२ )।

गणिनी और आर्याकी साध्वीपदके योग्य समाचारी है ( मूलाचार, प० ४ श्लो० १७७-१७८ )।

भ० देवसेन लिखते हैं कि—आ० जिनसेन के गुरु भ्राता विनयसेनके शिष्य कुमारसेनने वि. सं. ७५३ में काष्ठा संघ चलाया। इसने ही स्त्रीकी दीक्षा व छठे रात्रि-भोजन त्याग नामके गुणव्रतकी स्थापना की ( दर्शनसार )।

दि. यापनीय संघ केवली-भुक्ति, और स्त्रीमुक्ति के पक्षमें है। श्रुतकेवली देशीय दि. आ. शाक्टायनने इन दोनों विषयकी सिद्धिके लिये स्वतंत्र शास्त्र बनाया है। यापनीय संघ दिगम्बर होने पर भी दिगम्बर समाजसे प्रश्न करता है कि—

णो खलु इत्थी अजीवो, ण यावि अभव्वा, ण यावि दंसणविरोहिणो, णो अ-माणुसा, णो अणारिय-उप्पत्ती णो असंखेज्जाउया, णो अइकूरमइ, णो ण उवसंतमोहा, णो ण सुद्धाचारा, णो असुद्धबोही, णो ववसाय-वज्जिया, णो अपुव्वकरणविरोहिणी, णो णवगुणठाणरहिया, णो अजोगालघीए, णो अकल्लाणभायणं ति। कहं ण उत्तम धम्मसाहिगत्ति॥

—जैनदर्शन, व. ४, अं. ७, पृ. २९५॥

महापुराणके रामायण की रचना भी दूसरेके अवतरणरूप ही है ऐसा देवबन्दवाले प्रसिद्ध दिगम्बर लेखक बाबू सूरजभानु वकील का विश्वास है। वे लिखते हैं कि—

"पद्मपुराण और महापुराणमें कई बातों में बडाभारी मतभेद है"

"इन दोनों दिगम्बर जैन ग्रन्थों की प्रत्येक बातमें धरती आकाशका अंतर है कि-यह दोनों ही कथन किसी तरह भी सर्वज्ञभाषित नहीं है"

+ जयकुमारने १२ और सुलोचनाने ११ अंग पढे। हरि० स० १२ श्लो० ५२॥

*और और दिगम्बर शास्त्रोंमें भी स्त्रीदीक्षाके और चारित्र में स्त्रीओंके समानाधिकार के काफी वर्णन हैं।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(पृ० ।ॾ ) "इन दोनों ही ग्रन्थोंके कथन कुछ अदलबदल कर (वाल्मीकि) रामायण से ही लिये गये हैं+ +शेष कथन दोनों ग्रन्थों में रामायणसे ही लिया गया है" (पृ० ।ॾ )। "वाल्मीक-रामायणसे ही राम-रावण की यह कथा दिं. जैन ग्रन्थों में ली गई है" (पृ० ॥ॾ )।

ता. ५ अगस्त सन् १९१८ में लिखी पद्मपुराण समीक्षा की भूमिका।

यह मानना अनिवार्य है कि—आ. जिनसेन और आ. गुणभद्रने प्राचीन श्वेताम्बर जैनग्रन्थ तथा अजैन ग्रन्थोंके सहारेसे बृहद्काय महापुराण कीया और दिगम्बर समाजको बडे कथानुयोग का प्रदानकरके ऋणी बनाया। (क्रमशः)

---

[ पृष्ठ १८६का अनुसंधान ]

बीकानेर पधारे। करमसी शाह के आग्रह से केरिणी चौमासा करके जेसलमेर पधारे।

सा. अर्जुनमाल्हूने प्रवेशोत्सव किया। नंदी स्थापन कर कर्मसी शाहने चतुर्थव्रत अङ्गीकार किया। जेसलमेर चातुर्मास कर पाली पधारे। संघपति जूठा कारित चैत्यकी प्रतिष्ठा की। नगरशेठ नेताने गुरुश्रीको वन्दन किया। चातुर्मास पाटण किया। वहाँसे अमदावादी संघके आग्रह से वहाँ चातुर्मास किया। अनेकोंको पाठक, वाचकपद एवं दीक्षा प्रदान की।

इससे पूर्व अम्बिका देवीने प्रत्यक्ष हो कर "आपको भट्टारक पद पांचवे वर्ष प्राप्त होगा" ऐसी भविष्यवाणी की थी वह एवं अन्य पचास बोल फलीभूत हुए। अम्बिका हाजिर रहकर आपको सानिध्य करती थी। जयतिहुअण के स्मरण से धरणेन्द्रने 'आजसे चौथे वर्ष फागुण सुदि ७को आप भट्टारक पद पाओगे' ऐसा कहा था। श्री जिनसिंहसूरिजी के स्वर्गवास की सूचना तीन दिन पूर्व आपको ज्ञात हो गइ थी। बाल्यावस्था में भी अम्बिकाने थिराद और साचोर के बीचमें एक परचा पूर्ण किया था। अपने कथनानुसार गच्छ पहरावणी, ६३६००० ग्रन्थ भंडारमें रखना, ५०० उपवास करना आदि कार्य सम्पन्न किए।

सं. १६८१ राखी पूनम के दिन जेसलमेर में युगप्रधान श्री जिनचन्द्रसूरिजी के शिष्य पं. सकलचंद्रगणि के शिष्य उपाध्याय समयसुन्दर× के शिष्य वादीराज हर्षनन्दन के शिष्य पं० जयकीर्त्ति ने प्रस्तुत काव्य रचकर संपूर्ण किया।

ऐसे ऐतिहासिक रास जैन भण्डारों में अद्यावधि सैंकडों अप्रकाशित पडे हैं। उन्हें शीघ्रातिशीघ्र प्रकाशित करने के निवेदन के साथ इस लेख को समाप्त किया जाता है। समाप्त.

---

×समयसुन्दरजी और हर्षनन्दनजीका परिचय देखें "युगप्रधान जिनचंद्रसूरि" पृ० १६७ से १७१ तक. जयकीर्ति कृत पृथ्वीराज वेलि बालावबोध उपलब्ध है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીર માતા

**ભરહેસરની સજ્ઝાયમાં આપણે રોજ પ્રાતઃકાળે મહાસતી મૃગાવતીને સંભારીએ છીએ. પણ તે એક વીર નારી હતી અને કુશળ પુરૂષને છાજે એવાં કાર્યો તેણે કર્યાં હતાં તે આપણે બહુ નથી જાણતા.**

**મૃગાવતીનું પાત્ર કાલ્પનિક કે ઇતિહાસ પૂર્વના યુગનું પાત્ર નથી. એ ૨૫૦૦ વર્ષ પહેલાંનું-પ્રભુશ્રી મહાવીર દેવના સમયનું અને સંપૂર્ણ અતિહાસિક પાત્ર છે. તેના ઉન્નત જીવનને આળેખતી આ એક હળવી કથા છે.**

વત્સદેશની રાજધાની કૌશંબિ સુખસમૃદ્ધિથી ભરપુર એક મનોહર નગરી હતી. ત્યાંનો રાજા શતાનિક પ્રજાવત્સલ, પરાક્રમી અને ધર્મપ્રેમી હતો. તેની રાણી મૃગાવતી અતિ રૂપવતી, ગુણવતી અને કુશળ નારી હતી. તેના રૂપના અધેય વખાણ થતા અને તેનું શીયળ આદર્શ લેખાતું. તેની ગણના મહાસતીઓમાં થતી. બન્ને જણા પ્રભુ શ્રી મહાવીર દેવના ઉપાસક હતાં.

રાજા શતાનિક કળાપ્રેમી હતો. પોતાનું કૌશંબિ કળાકૌશલ્યથી સમૃદ્ધ બને એ એની ભાવના રહેતી અને તેથી તે અનેક કળાકારોને ઉત્તેજન આપતો તેમજ પોતાના દરબારમાં તેમને સન્માનતો. આ કળાકારોમાં એક ચિત્રકાર પણ હતો.

એક દિવસ, કંઇક કારણ બન્યું અને રાજા શતાનિક એ ચીતારા ઉપર નારાજ થયા! રાજાની નારજગી એટલે પાળતોડેલું પાણી ! એ કયાં જઇને થોભે એ કોણ ભાંખી શકે? અને એ એક વખતના માનીતા ચીતારાને દેશનીકાલનીનો દંડ મળ્યો !

ચીતારાનું મન આથી તોફાને ચડયું ! રાજા તરફથી થયેલ દેશનીકાલીનું અપમાન તેના મગજમાં વેર-પ્રતિશોધના પડઘા પાડવા લાગ્યું. તે વિચારવા લાગ્યો બદલો લેવાનો કોઇક માર્ગ !

તેને યાદ આવ્યું : કાંટો કાંટાથી જ કઢાય! રાજાનું વેર રાજાની મદદ વગર વાળવું અશકય! પણ રાજાનું વેર રાજાની મારફત વાળવા જતાં પોતે પોતાના વતનનું-વતનની નિર્દોષ પ્રજાનું-સત્યાનાશ નોતરી રહ્યો છે એનો તેને તમન્ના ન હતી! નમાલી કાંસ-કીના કારણે સારા વલભી રાજ્યનું ખેદાન મેદાન વાળનાર કાકુના જેવી ભાવના ત્યારે પણ હયાત હતી !

પોતે અજમાવવા ધારેલ યુક્તિ કયાં સફળ થશે તેનો તેણે વિચાર કર્યો અને તે અવંતિપતિ મહારાજા ચંડપ્રદ્યોતની પાસે પહોંચ્યો।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ પોતાની કળામાં અતિ નિપુણ હતો. એક વખત નજરે જોયેલ માણસનું હુબહુ ચિત્ર દોરવું એ એને મન રમતની વાત હતી. લોકોમાં તો વાતો ચાલતી કે ચીતરવાના કામમાં કોઇ દેવ તેને મદદ કરે છે! એણે પોતાની કળાનો ઉપયોગ કર્યો! મહારાજા શતાનિકની અતિ રૂપવતી રાણી મૃગાવતીનું એક સર્વાંગસુંદર ચિત્ર તૈયાર કરીને તેણે મહારાજા ચંડપ્રદ્યોતને સાદર કર્યું! અને એ ચિત્રની નાયિકાનું ભભકભર્યું વર્ણન કરીને એમાં અજબ આકર્ષણ રેડયું! ચીતારાની યુકિત કામ કરવા લાગી!

સૂતેલી લાગણીઓને જાગ્રત થતાં વાર નથી લાગતી. ચિત્રના નિમિત્ત માત્રથી ચંડપ્રદ્યોતની મલિન લાગણીઓ તોફાને ચડી! એની વિવેક બુદ્ધિ ઉપર પાશવવૃત્તિનાં પડળ ચડવાં લાગ્યાં: તેને ભાન ન રહ્યું કે મૃગાવતી તેની સાળી થતી હતી અને તે પણ એક રાજાને પરણેલી!

પચીસસો વર્ષ પહેલાંના ઇતિહાસનું આ એક પાનું છે!

પ્રભુ મહાવીર ત્યારે પૃથ્વીતલને પાવન કરતા હતા!

: ૨ :

કીડીએ કુંજરને ગાંડો બનાવ્યો!

ન્હાની વાતે મોટું રૂપ લીધું અને ચંડપ્રદ્યોતની બેચેની વધવા લાગી! કોઇ પણ ભોગે મૃગાવતીને મેળવવાની ઇચ્છાએ તેના હૃદયને આવરી લીધું! પોતાની પાસેની વિશાળ રાજસત્તા આગળ તેને આ ઇચ્છા અશકય ન લાગી! સત્તાના અભિમાને તેને નફટ બનાવ્યો અને એક દિવસ તેણે રાજા શતાનિક પાસે રાણી મૃગાવતીનું માગું કરવા દૂતને રવાના કર્યો.

દૂતના સંદેશામાં બે જ શરતો હતી: કાંતો રાણી મૃગાવતીને સોંપો, નહીં તો લડાઇ માટે તૈયાર થાઓ!

અવંતિપતિની વિશાળ રાજસત્તા આગળ વત્સપતિની રાજસત્તા બહુ ન્હાની હતી! ચંડપ્રદ્યોતને વિશ્વાસ હતો કે એક ન્હાનો રાજા પોતાની સામે નહીં પડે!

પણ બિચારો ચંડપ્રદ્યોતન! એને એટલુંય ભાન ન રહ્યું કે: "દીકરીનાં માગાં હોય, વહુનાં ન હોય!"

અને મનોબળ કે ઇજ્જતની આગળ નાની મોટી સત્તાની ગણતરીના આંકડા ખોટા પડે છે. પણ આંધળા આગળ દીવો નકામો હતો!

રાજા શતાનિકે દૂતની વાત સાંભળીને સ્વમાનપ્રિય માનવીને છાજતો જવાબ આપ્યો. તેણે ચંડપ્રદ્યોતના યુદ્ધના પડકારને સ્વીકારી લીધો. પોતાના રાજ્યની શકિત અને ચંડપ્રદ્યોતની અપાર શકિતનો ભેદ તેનાથી અજાણ્યો નહોતો. પણ તેના માટે આ સિવાય બીજો માર્ગ નહોતો; તેણે યુદ્ધની તૈયારી કરવા માંડી.

દૂતનો સંદેશો સાંભળી ચંડપ્રદ્યોત મોટું લશ્કર લઇને કૌશંબિ તરફ રવાના થયો.

જોત જોતામાં બન્ને પક્ષો તૈયાર થઇ ગયા અને કૌશંબિના પ્રદેશમાં યુદ્ધનું મંડાણ થઈ ગયું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમ એક રાજવીની વિલાસી વૃત્તિથી, યુદ્ધ દેવતાનું ખપ્પર નરસંહારથી ભરાવા લાગ્યું.

છતાં પોતાના પરાક્રમી રાજાની દોરવણી નીચે કૌશંબિની પ્રજા કોઇ રીતે મચક આપે એમ ન હતું. પણ કમનસીબે રાજા શતાનિક એકાએક શરીર વ્યાધીથી મરણ પામ્યો અને પ્રજાશકિતનું નાવ સુકાની વગરનું બની ગયું. આમ કૌશંબિ ઉપરનાં આફતનાં વાદળો વધુ ઘેરાં બન્યાં અને વાત વધુ બગડતી લાગી!

: ૩ :

ચંડપ્રદ્યોતના આનંદની અવધિ ન હતી! ધડપાડુને ધણીવગરનું ઘર મળે એટલે પછી પૂછવું જ શું? તેને લાગ્યું કે પોતાની કામનાની સિદ્ધિ હવે હાથવેંતમાં છે। રાજા વગરની પ્રજાને પરાસ્ત કરવામાં કે પતિ વગરની પત્નીને હસ્તગત કરવામાં જરાય મુશ્કેલી ન લાગી!

આ બાજુ કૌશંબિની પ્રજાની મુશ્કેલીનો પાર ન હતો! યુદ્ધની ભયંકર વિટંબણાઓ વચ્ચે, આ નધણિયાત જેવી સ્થિતિ કેવું અશુભ પરિણામ લાવશે એની કલ્પના કોઇ કરી શકતું ન હતું.

અને મહારાણી મૃગાવતી! એનું તો પૂછવું જ શું? પોતાના જ કારણે યુદ્ધ મંડાયું અને પોતાના જ કારણે પોતાના પતિનું સ્વર્ગ–ગમન થયું આ વિચારો તેને અકળાવતા હતા.

પણ તે એક સમયજ્ઞ સ્ત્રી હતી! વિદેહપતિ મહારાજા ચેટકની એ પુત્રી રાજનીતિના ગુંચવાડા ભર્યા માર્ગોથી સાવ અપરિચિત ન હતી! અત્યારની તંગ પરિસ્થિતિનું તેને ભાન હતું. પ્રજાના દેશ વ્યાપી રંડાપાના દુ:ખના વિચાર આગળ તેણે પોતાના તાજા રંડાપાના દુ:ખને વિસારી દીધું. રાજા શતાનિકના મરણથી નષ્ટ થયેલું પોતાનું સૌભાગ્ય હજુ પ્રજા માટે રાજકુમાર ઉદયનમાં જીવંત હતું. ગમે તે ભોગે જો અત્યારે રાજકુમારનું રક્ષણ કરવામાં આવે તો રાજા વગરની પ્રજા ફરી પાછી રાજાને પામી શકશે એ વાત તે જાણતી હતી; અને એક માતા તરીકે પોતાના પુત્રને ગમે તેમ કરીને બચાવવાની ભાવના પણ તેનામાં અદમ્ય હતી!

આમ મૃગાવતી ઉપર બેવડા કામનો ભાર આવી પડયો: એક તો અત્યારના યુદ્ધના વાતાવરણમાંથી પ્રજાનું રક્ષણ કરવાનો અને બીજો રાજકુમારનું રક્ષણ કરવાનો!

પણ ચંડપ્રદ્યોત જેવા બળવાન અને છછેડાએલ રાજા સામે આ કામ કેવી રીતે પાર પાડવું એ એક સવાલ હતો.

બીજી બાજુ ચંડપ્રદ્યોત મહાસતી મૃગાવતીને, તેના વૈધવ્યનો વિચાર ન કરતાં પોતાને આધીન થવાના સંદેશા મોકલ્યે જતો હતો.

આ બધી પરિસ્થિતિનો મૃગાવતીએ સ્વસ્થ ચિત્તે વિચાર કર્યો અને તેને લાગ્યું કે બળથી કામ લેવામાં કે યુદ્ધ આગળ વધારીને ચંડપ્રદ્યોતનો સામનો કરવામાં પ્રજાનો, પોતાનો અને રાજકુમારનો એમ બધાયનો નાશ નોતરીને પોતાના હાથે પોતાના સત્યાનાશની સુરંગો ખોદવા જેવું થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આથી તેણે યુકિતથી કામ લેવાનો નિર્ણય કર્યો. તેણે ચંડપ્રદ્યોત સાથે સંદેશાઓ શરૂ કર્યા અને રાજાને કહેવરાવ્યું કે અત્યારે છ સાત વર્ષની વયનો રાજકુમાર બીજા છ—સાત વર્ષમાં ઉમર લાયક થઇને ગાદીએ બેસે એટલે વત્સદેશની પ્રજા નવા રાજાને મેળવીને સંતુષ્ટ થશે. પછી પ્રજાને મારી બહુ દરકાર નહીં રહે. એટલે હું મને ઠીક લાગશે તેમ વર્તી શકીશ. અવસર આવ્યે સૌ સારાવાનાં થઇ રહેશે."

ચંડપ્રદ્યોતના ગળે આ વાત ઉતરી ગઇ! પણ ભવિષ્યમાં મહાસતી મૃગાવતીને કયું વર્તન પસંદ પડશે કે કેવા પ્રકારનાં સારાવાનાં થશે એ કશું વિચારવા જેટલી એની બુદ્ધિ અત્યારે નિર્મળ હતી.

આંધળો માણસ બીજાને વાગવાના વિચારની જેમ પોતાને વાગવાના વિચારને પણ ભૂલી ગયો!

તેણે યુદ્ધ બંધ કર્યું અને અવંતિ તરફ પાછો ફર્યો. મહાસતી મૃગાવતીની કુશળતાથી પ્રજા અને ભાવી રાજા બન્ને સલામત રહ્યા!

રાજમાતાનો વિજય થયો!

: ૪ :

આ પ્રમાણે ચંડપ્રદ્યોતની સાથે તાત્કાલિક નિવેડો થઇ ગયા છતાં તે કેટલો વખત ચાલશે તે મૃગાવતી બરાબર જાણતી હતી. મળેલા સમયમાં તેને પ્રજાને અને રાજાને—પોતાના પુત્રને સુરક્ષિત કરી લેવાનાં હતાં.

વળી ઉદયન કુમાર ઉમર લાયક થઇને રાજગાદી ન સંભાળે ત્યાં લગી રાજ્યની લગામ પોતાના હાથમાં રાખીને રાજ્યનું બરાબર સંચાલન કરવું અને પોતાના પતિએ પોતાના ઉપર મૂકેલ ફરજને અદા કરવી એ પોતાનું કામ હતું તે તે જાણતી હતી.

તેણે એક વીર રાજમાતાને છાજે તે રીતે રાજ્યનું સંચાલન શરૂ કર્યું. પ્રજાને કે બહારનાને રાજાનો અભાવ ન જણાય તે માટે તે બરાબર તકેદારી રાખતી.

ચંડપ્રદ્યોત સાથેના સુલેહના સમય દરમ્યાન તેણે કૌશંબિની ફરતો કિલ્લો બરાબર મજબૂત કરાવવા માંડયો અને ફરી યુદ્ધનો પ્રસંગ ઉપસ્થિત થતાં કૌશાંબિ પોતાનું રક્ષણ કરી શકે તેટલી દરેક રીતે તૈયારી કરવા માંડી.

અને ફરી યુધ્ધ મંડાવાની તેની કલ્પના ખોટી ન હતી!

વખત જતાં ચંડપ્રદ્યોતને જણાયું કે પોતે એક સ્ત્રીના હાથે ઠગાયો હતો. મૃગાવતી જેવી મહાસતી પોતાને આધીન થાય એ વાત તેને ન બનવા જેવી લાગી! વળી આટલા વખતના અંતરાય છતાં મૃગાવતીને મેળવવાની તેની વૃત્તિ હજુ શાંત થઇ ન હતી. વડવાનળ કદી શાંત થાય ખરો!

અને તેણે ફરી યુદ્ધનો નાદ ગજાવ્યો! તે કટક લઇને કૌશંબિના પાદરમાં આવી લાગ્યો! રાજમાતાએ શહેરના દરવાજા બંધ કરાવ્યા! બન્ને પક્ષો યુદ્ધ માટે તૈયાર થઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહ્યા હતા. કોણ પહેલી શરૂઆત કરે છે તેની રાહ જોવાતી હતી.

પણ આ વખતે યુદ્ધના દેવતાને તર્પણ ન મળ્યું.

પરમાત્મા મહાવીર દેવના જાણવામાં આ વાત આવી. નિરપરાધી સેંકડો માનવીઓનો સંહાર થતો અટકાવવા તેઓશ્રીએ બન્ને પક્ષની સમજુતી કરી.

પ્રભુનાં દર્શનથી ચંડપ્રદ્યોતના હૃદયમાંની પાશવી વૃત્તિ પલાયન થઇ ગઇ. પારસમણિના સ્પર્શથી લોઢું શુદ્ધ થાય તેમ તેનું હૃદય શુદ્ધ થઇ ગયું. તે પોતાની અંધ દૃષ્ટિ સમજી ગયો અને પોતાનો અવળો માર્ગ મૂકતાં તેને વાર ન લાગી! યુદ્ધ બંધ રહ્યું અને વિશ્વોપકારી પ્રભુની મહાદયાનો જય જયકાર થયો!

યુદ્ધનું વાદળ દૂર થતાં અને રાજકુમાર ઉદયન ગાદીએ બેસવા યોગ્ય થતાં તેનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. રાજા વગરની પ્રજા રાજાને પામી. પોતતાના પુત્રને પોાની પતિનું સ્થાન લેતો જોઇ મૃગાવતીની આંખો હર્ષ ભીની થઇ! ઉદયન, કુમાર મટી રાજા થયો!

વીર માતાનો માતૃદેહ સફળ થયો!

: ૫ :

પણ હવે મૃગાવતીના મનને ચેન ન હતું. જે કર્તવ્ય પાછળ તે પોતાનું જીવન વીતાવતી હતી તે સંપૂર્ણ થતાં તેનો આત્મા વધુ ઉન્નત કર્તવ્યની ભુખ અનુભવવા લાગ્યો.

અત્યાર લગી તો કર્તવ્યના સાદની પ્રેરી તે નિષ્કામ થઇને પ્રવૃત્તિ કરતી હતી. હવે તો એ નિષ્કામ પ્રવૃત્તિનો સમય પણ પૂર્ણ થયો લાગ્યો. તેની વૃત્તિઓ વધુ ને વધુ અંતર્મુખ થવા લાગી.

અત્યાર સુધી બીજાઓના ઉદ્ધાર માટે પ્રવૃત્ત થયેલું મન આત્માના ઉદ્ધાર માટે તલસવા લાગ્યું.

—ને એક દિવસ તેણે પાકો વિચાર કર્યોઃ પ્રભુ મહાવીરના ચરણે જઇને આત્મસાધના કરવાનો! પ્રજા કે પુત્રનો મોહ તેને અટકાવી શકે એમ ન હતું. આત્માનો સાદ તેને સંભળાઇ ગયો હતો.

ને એક ધન્ય પ્રભાતે તેણે સંસારીનો અચળો ઉતારીને પ્રભુ મહાવીરે બતાવેલ મુનિ—માર્ગનો ભેખ ધારણ કર્યો! મૃગાવતી રાણી મટીને સાધ્વી થઇ!

રાજા અને પ્રજા દુઃખી દીલે પાછાં ફરતાં હતાં.

મૃગાવતીનો આત્મા આનંદમાં ડોલતો હતો.

દૂર દૂરની ક્ષિતિજ પરનો સૂર્ય ઉંચે ચઢતો હતો અને સરોવરમાંનાં કમળો ખીલી રહ્યાં હતાં!

૨.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર

**પ્રતિષ્ઠા**—લક્ષ્મણીતીર્થમાં જે દેરાસરનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો તે દેરાસરની કા. સુ. ૧૩ને સોમવારે પ્રતિષ્ઠા કરવામાં આવી. આ અવસરે પૂજ્ય મ. મ. શ્રી. યતીન્દ્રવિજયજી ત્યાં પધાર્યા હતા.

**દીક્ષા**-(૧) નાંદોજ મુકામે પૂ. આ. મ. શ્રી વિજયલાભસૂરિજીએ ગોધાણાવાળા ભાઈ વાડીલાલને કારતક વદી પાંચમે દીક્ષા આપી. દીક્ષિતનું નામ વીરવિજયજી રાખવામાં આવ્યું છે. (૨) ઊંઝા મુકામે પૂ. આ. શ્રી વિજયદેવસૂરિજીએ બોલીમોરાવાળા ભાઇ ભીખાલાલને કારતક વદી પાંચમે દીક્ષા આપી. (૩) ભાવનગર મુકામે પૂ. મુ. શ્રી મંગળવિજયજીએ ભાવનગરના રહીશ શા. પ્રેમચંદ માણેકચંદને દીક્ષા આપી. દીક્ષિતનું નામ કાંતિવિજયજી રાખ્યું. (૪) મઝાદર ગામે પૂ. મુ. શ્રી કલ્યાણવિમળજીએ ટંકારાના રહીશ શા. છગનલાલ તારાચંદને કારતક વદી ૦)ના દિવસે દીક્ષા આપી. દીક્ષિતનું નામ વિદ્યાવિમળજી રાખવામાં આવ્યું. (૫) જંબૂસરમાં પૂ. આ. મ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજીએ ભરૂચના ભાઇ શાંતિલાલને માગસર સુદી દશમના દિવસે દીક્ષા આપી (૬) કરાંચી મુકામે પૂ. મુ. શ્રી વિદ્યાવિજયજીએ માગસર સુદી દશમના દિવસે રણજિતસિંહ નામના એક ભાઈને દીક્ષા આપી.

**પદવી**-જામનગર મુકામે માગસર સુદી બીજના દિવસે પૂ પ્ર. શ્રી કસ્તૂરવિજયજીને તથા મુ. શ્રી. સોમવિજયજીને ગણીપદ તથા પંન્યાસપદ આપવામાં આવ્યું. અમદાવાદ મુકામે માગસર સુદી દશમના દિવસે પૂ. મ. શ્રી કલ્યાણવિજયજીને ગણીપદ તથા પંન્યાસપદ આપવામાં આવ્યું.

**કાળધર્મ**-વાવમાં પં. તિલકવિજયજી ગણીના શિષ્ય પૂ મુ શ્રી રામવિજયજી માગસર સુદી ત્રીજના દિવસે કાળધર્મ પામ્યા.

**સંઘ**-(૧) ભાવનગરથી શા. અમરચંદ ધનજીભાઇ તરફથી પૌષધધારીઓનો છરી પાળતો પાલીતાણાનો સંઘ કારતક વદ તેરસે કાઢવામાં આવ્યો હતો. સાથે પૂ. મુ. શ્રી કમળવિજયજી આદિ હતા. (૨) આદરીયાણાથી શંખેશ્વરજીનો સંઘ કાઢવામાં આવ્યો હતો. સાથે પૂ. મુ. શ્રી. કમળવિજયજી આદિ હતા. (૩) જામનગર મુકામેથી શેઠ શ્રી પોપટલાલ ધારશીભાઇ તરફથી માગસર સુદી ચોથના દિવસે છરી પાળતો એક મોટો સંઘ કાઢવામાં આવ્યો છે. આ સંઘ પગપાળે પહેલાં જુનાગઢ જઈ ત્યંથી ઉના-અજારા થઈને પાલીતાણે આવશે. સંઘમાં યાત્રાળુઓ મોટી સંખ્યામાં છે. સંઘમાં પૂ. આ. મ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ, પૂ. આ. મ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ, પૂ. આ. મ. શ્રી વિજયમોહનસૂરીશ્વરજી મહારાજ આદિ મુનિરાજો સપરિવાર પધાર્યા છે.

**હિંદમાં આગમન**-જૈન સાહિત્યના અભ્યાસી ડૉ. થોમસ ડીસેંબરની આખરમાં હિંદમાં આવવાના સમાચાર મળ્યા છે.

**જૈન છાત્રાલય**-મદ્રાસમાં તા. ૨૨-૧૧-૩૭ના દિવસે જૈન છાત્રાલય ખુલ્લું મુકવામાં આવ્યું. તેમજ પાલનપુરમાં પણ એક જૈન વિદ્યાલય ખુલ્લું મૂકાયું.

**રજા**—અક્કલકોટના દરબારે મહાવીર જયંતીની રજા મંજૂર કરી.

**મદદ**—મોરબી નરેશે આબોઇ દેરાસરના જીર્ણોદ્ધાર માટે ત્રણ હજાર રૂપિયાની મદદ આપવાનું કહ્યું છે.

**અવસાન**—વનસ્પતિમાં જીવ હોવાનું સાબિત કરનાર મહાન વૈજ્ઞાનિક સર જગદીશચંદ્ર બોઝનું અવસાન થયું.

**કનડી ભાષામાં જૈન પુસ્તકો**—ગૌતમબુદ્ધ પુસ્તકમાંના તીર્થંક શબ્દની ચર્ચાથી જાણીતા થયેલા શ્રીમાન્ જી. પી. રાજરત્નમ્ એમ. એ. એ તાજેતરમાં "મહાવીરનાં સુવાક્યો" નામક કનડી ભાષાનું પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે. હવે પછી તેમના તરફથી (૧) ભગવાન બાહુબલિ. (૨) ભગવાન પાર્શ્વનાથ અને (૩) ભગવાન મહાવીર નામનાં પુસ્તકો પ્રસિદ્ધ થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Regd. No. B. 3801


તૈયાર છે!

આજે જ મંગાવો!

# શ્રી જૈન સત્ય પ્રકાશ

ની

## બીજા વર્ષની પૂરી ફાઈલ

જેમાં

પરમાત્મા મહાવીર દેવના જીવનને લગતા
અનેક વિદ્વત્તાભર્યા લેખોથી સમૃદ્ધ

## શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

નામના

૨૨૮ પાનાના દળદાર અંકનો સમાવેશ થાય છે.

ટપાલ ખર્ચ સાથે કિંમતઃ-

બાંધ્યા વગરના બધા અંકોના બે રૂપિયા.
બધા અંકો સાથે બાંધેલાના અઢી રૂપિયા.

## શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંકનું

છુટક મૂલ્યઃ-

ટપાલ ખર્ચ સાથે માત્ર તેર આના.

લખોઃ-

**શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ**

જેશીંગભાઈની વાડી, ઘીકાંટા,
અમદાવાદ. (ગુજરાત)


For Private And Personal Use Only